Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈનધર્મ પ્રકાશ

## પુસ્તક ૨૮ મું

૭૨૩

### शार्दुलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति याम् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्टाः कति स्युर्नराः ॥

" જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે. " સુક્તમુક્તાવલિ.

સંવત ૧૯૬૮ ના ચૈત્રથી સંવત ૧૯૬૯ ના ફાગણસુધી અંક ૧૨.

પ્રકટ કર્ત્તા.

श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર.

વિક્રમ સંવત ૧૯૬૮–૬૯ શાકે ૧૮૩૪ ઇશ્વીસન ૧૯૧૨–૧૩
વીર સંવત ૨૪૩૮–૩૯

भावनगर—सरस्वती प्रीन्टींग प्रेस

વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૦–૦ બહારગામવાળાને પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦
દરવર્ષે ભેટ તરીકે જૈનપંચાંગ ને એક સારી બુક આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ બ્રહ્મ સ્વરૂપ પ્રાપ્ત્યર્થે શ્રી કુમારબ્રહ્મચારી પ્રભુને પ્રાર્થના (પદ્ય) ગી. હે. | ૧ |
| ૨ વિનય ધર્મારાધનાર્થે માનત્યાગ–પ્રભુ પ્રાર્થના ( પદ્ય ) ગી. હે. | ૨ |
| ૩ નવું વર્ષ. | ૩ |
| ૪ પ્રશમરતિ પ્રકરણ–વિવેચન યુક્ત ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૯–૩૪ |
| ૫ ગૃહસ્થના કર્ત્તવ્યો. | ૨૧–૪૪–૧૩૫ |
| ૬ બ્રહ્મચર્ય પ્રકાશ ( ખીમચંદ ભુધરદાસ ) | ૨૫ |
| ૭ ચાલુ પરિસ્થિતિપર પ્રકીર્ણ વિચારો ( મૌક્તિક ) | ૨૮–૧૭૩–૨૧૯ |
| ૮ અનિત્ય ભાવના ( પદ્ય ) ( કવી સાંકળચંદ. ) | ૩૩ |
| ૯ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. | ૫૧–૧૦૩–૧૮૭–૨૪૭–૩૦૬ |
| ૧૦ ગત વર્ષના મુખપૃષ્ઠપરના શ્લોકનું ટુંક વિવેચન. | ૬૦ |
| ૧૧ આબુ ઉપર ગયેલ જૈન ડેપ્યુટેશન. | ૬૩ |
| ૧૨ ગુજરાતી જૈન સાહિત્ય. | ૬૪ |
| ૧૩ અશરણ ભાવના ( પદ્ય ) ( કવી સાંકળચંદ. ) | ૬૫ |
| ૧૪ ક્ષમા–ક્રોધ ત્યાગ ( પદ્ય ) ,, | ૬૬ |
| ૧૫ જિનદીક્ષા પ્રકરણ. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૬૭ |
| ૧૬ તપધર્મ ઉપર સંવરની કથા. ( વાસુપૂજ્ય ચરિત્ર ) | ૭૫ |
| ૧૭ સત્સંગ–સપ્તમ સૌજન્ય. ( મૌક્તિક ) | ૮૫ |
| ૧૮ મે. કોલ્વીન સાહેબને આપેલ માનપત્ર. | ૯૧ |
| ૧૯ વૈરાગ્યશતક ભાષાંતર. ( ઝવેરચંદ કાળીદાસ ટોળીયા ) | ૯૫–૧૧૬–૧૫૮–૨૫૮ |
| ૨૦ સંસાર ભાવના. ( પદ્ય ) ( કવી સાંકળચંદ. ) | ૯૭ |
| ૨૧ આ અસાર શરીરમાંથી સાર–કઢાય તો કાઢી લ્યો. ( સન્મિત્ર કર્પુરવિજયજી ) | ૯૮ |
| ૨૨ દ્રવ્યાવશ્યક ( વિશેષાવશ્યકમાંથી ) | ૧૧૧ |
| ૨૩ જૈન મુનિ મહારાજાઓનું સંમેલન. | ૧૧૯ |
| ૨૪ શેઠ આણંદજી કલ્યાણજી ને ભાવનગરનો સંઘ (કું. આ.) | ૧૨૫ |
| ૨૫ અત્યંત ખેદકારક મૃત્યુ ( શેઠ લાલભાઇ દલપતભાઇ ) | ૧૨૮ |
| ૨૬ એકત્વ ભાવના. ( પદ્ય ) ( કવી–સાંકળચંદ. ) | ૧૨૯ |
| ૨૭ પ્રકીર્ણ વિચાર. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૧૩૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૮ અનધિક હીનાક્ષર શ્રુત. ( વિશેષાવશ્યકમાંથી ) ૧
૨૯ દશ અવતાર. ( જૈન શાસનમાંથી ) ૧
૩૦ ગ્રંથાવલોકન. ( શ્રી તત્વપ્રકાશ પાઠમાળા ભાગ પહેલો. ) ૧
૩૧ ખંભાતમાં દીક્ષામહોત્સવ. ( મુનિ પુન્યસાગરજીનો ) ૧
૩૨ વૈરાગ્યશતક (સમશ્લોકી) ( માવજી દામજી શાહ. ) ૧૬૧–૧૯૭–૨૨૯–૨
૨૯૫–૩૩૫–૩
૩૩ ભાવ આવશ્યક. ( વિશેષાવશ્યકમાંથી ) ( સન્મિત્ર કર્પૂરવિજયજી. ) ૧
૩૪ ભાવ ઉપક્રમ. „ „ ૧
૩૫ જીવદયા–અનુકંપાદાન. ( ઉપદેશતરંગિણીમાંથી ) „ ૧
૩૬ તપ સંબંધી ખુલાસો. ૧
૩૭ જૈનસુકૃતફંડ ઉભું કરવાની જરૂર. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) ૧
૩૮ જૈન સુકૃત ફંડને અંગે અગત્યની સૂચનાઓ. „ ૧
૩૯ પ્રતિક્રમણમાં બોલાતું ઘી. ૧
૪૦ પર્યુષણ પર્વમાં શ્રાવક ભાઈઓની ફરજ. ૧
૪૧ અત્યંત ખેદકારક મૃત્યુ. ( નગરશેઠ ચીમનભાઈ લાલભાઈ ) ૧
૪૨ પ્રીતિ વિષે દુહા. સાર્થ. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) ૨
૪૩ નવપદ નમસ્કાર સ્તુતિ. „ ૨
૪૪ નવપદ આરાધન ઉપદેશ. „ ૨
૪૫ તપનો પ્રભાવ ને તપ કરવાની આવશ્યકતા ( સન્મિત્ર કર્પૂરવિજયજી )૨
૪૬ સુશીલ થવા સાર શિક્ષાવચનો. „ ૨
૪૭ સમ્યક્ત્વના વિષયપર વિક્રમની કથા. ( વાસુપૂજ્ય ચરિત્ર ) ૨
૪૮ શેઠ આણંદજી કલ્યાણજીના ઓડીટરોનો રિપોર્ટ. ૨
૪૯ સમ્યક્ત્વ પ્રાપ્તિને આશ્રયીને વિવિધ મતદર્શન. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) ૨
૫૦ વિવિધ પ્રશ્નોત્તરો ( વિશેષાવશ્યકમાંથી ) „ ૨
૫૧ બોધવચન. „ ૨
૫૨ આશ્ચર્યમાં ગરકાવ કરનારી કેટલીક પ્રમાણવાળી બીનાઓ.„ ૨
૫૩ ધર્મનાં ચિન્હ ( ષોડશકમાંથી ) ૨
૫૪ પ્રભુના અંગપર ચાંડલા. ૨
૫૫ પંચમ ષોડશક. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) ૨
૫૬ ષોડશકોમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોત્તરો. „ ૨
૫૭ ઉપદેશ તરંગિણીમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોત્તરો. „ ૨
૫૮ વનસ્પતિમાં જીવત્વ. ( લોકપ્રકાશમાંથી ) ૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | |
|---|---|
| ૯ [illegible] દશા મેળવવાનો કુદરતી ઉપાય. ( નેમચંદ ગીરધરલાલ ) | ૨૮૫ |
| ૦ શ્રી સંઘને શેઠ આણંદજી કલ્યાણજીનું આમંત્રણ. | ૨૯૦ |
| ૧ [illegible] ચાણેશમાં ઇનામનો મેળાવડો. | ૨૯૧ |
| ૨ [illegible]કુંચી. | ૨૯૨ |
| ૩ સિદ્ધાચળ ઉપર મૂળનાયકજીની પૂજા. | ૨૯૩ |
| ૪ ઇશુજી આદ મહા મુદ્રાલેખોનું વિવેચન. (સન્મિત્ર કર્પૂરવિજયજી) | ૨૯૮–૩૩૮ |
| ૫ ઇંદ્રિય સ્વરૂપ. ( લોકપ્રકાશમાંથી ) | ૩૧૬ |
| ૬ વિચાર તેવું પરિણામ. ( નેમચંદ ગીરધરલાલ ) | ૩૨૩ |
| ૭ અમદાવાદ ખાતે મળેલો શ્રી સંઘનો મહાન મેળાવડો. | ૩૨૫–૩૮૦ |
| ૮ વિજય. ( નેમચંદ ગીરધરલાલ ) | ૩૩૩ |
| ૯ ભાવપૂજામાં સ્તવન કેવાં બોલવાં ? ( નેમચંદ ગીરધરલાલ ) | ૩૪૩ |
| ૦ જૈનવર્ગમાં ભણેલાની સંખ્યા કેટલી છે? ( મુંબઇ સમાચાર ) | ૩૪૯ |
| ૧ શેઠ મનસુખભાઇ ભગુભાઇનું જીવનવૃત્તાંત. | ૩૫૩ |
| ૨ પંન્યાસજી શ્રી ગંભીરવિજયજીનો સ્વર્ગવાસ. | ૩૬૦–૩૯૭ |
| ૧૩ કેટલીક આશ્ચર્યકારક ટેવો. ( નેમચંદ ગીરધરલાલ ) | ૩૬૪ |
| ૪ સર્વજ્ઞ પ્રણિત સૂત્રની વિલક્ષણતા. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૩૭૦ |
| ૫ સર્વજ્ઞ પ્રણિતસૂત્ર વ્યાખ્યાન વિધિ. ” | ૩૭૪ |
| ૬ સર્વજ્ઞ પ્રણિત સૂત્ર રચના સંબંધી રૂપક. ” | ૩૭૭ |
| ૭ મૈત્રીભાવનું ઉંડું રહસ્ય. ” | ૩૭૮ |
| ૮ હૈતને ઠબકો. ( પદ્ય ) ( કવી સાંકળચંદ. ) | ૩૭૯ |
| ૯ સેરીસા. | ૩૮૯ |
| ૦ આઠમી જૈન કોન્ફરન્સનો હેવાલ. | ૩૯૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमद
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચારિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. ચૈત્ર. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૧ લો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર

अनुक्रमणिका.

१ બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત્યર્થે શ્રીકુમારબ્રહ્મચારી પ્રભુને પ્રાર્થના ... ... ... १
२ વિનયધર્મારાધનાર્થે માનત્યાગ પ્રભુપ્રાર્થના ... ... ... ... २
३ નવું વર્ષ ... ... ... ... ... ... ... ३
४ પ્રશમરતિ પ્રકરણમ્ ... ... ... ... ... ... ८
५ ગૃહસ્થનાં કર્તવ્યો.... ... ... ... ... ... ... २१
६ બ્રહ્મચર્ય પ્રકાશ... ... ... ... ... ... ... २५
७ ચાલુ પરિસ્થિતિપર પ્રકીર્ણ વિચારો ... ... ... ... ... २८

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ ને બહાર પડેલ છે.

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત શ્રી સ્તવન સંગ્રહ.

આ બુક શ્રાવિકા તેમજ સાધ્વી સમુદાયને તેમજ પ્રકરણોના નવ અભ્યાસીઓને ઘણીજ ઉપયોગી છે. કોઇ વખત નહીં છપાયેલા તેમજ પ્રસિદ્ધિ માં પણ નહીં આવેલા સ્તવનોનો આમાં સંગ્રહ કરેલો છે. આ બુકમાં જીવ વિચારનું ૧, નવતત્વનું ૧, દંડક સંબંધી ૨, ચૌદ ગુણઠાણા સંબંધી ૩, જ્ઞાનદર્શન ચારિત્ર સંબંધી ૧, સિદ્ધ દંડિકાનું ૧, કર્મ પ્રકૃતિ ઉપર ૧, જંબુદ્વિપ વર્ણનનું ૧, નિગોદના સ્વરૂપનું ૧, સમવસરણ સંબંધી ૩ અને બીજી બાબતના ૨ મળી કુળ ૧૯ સ્તવનો તથા ૪ સઝાયો દાખલ કરેલ છે. ભાવનગરના શ્રાવિકા સમુદાયની આર્થિક સહાયથી છપાવેલ છે. સાધુ સાધ્વીને તથા જૈનશાળા ને કન્યાશાળામાં ભેટ આપવાની છે. ૧૬ પેજી ૧૭ ફારમના પાકા પુંઠાથી બાંધેલ બુક છે. કિંમત માત્ર આઠ આના રાખેલ છે. પોસ્ટેજ દોઢ આનો લાગે છે. જૈન તત્વો જાણવાના ઇચ્છકે અવશ્ય ખરિદ કરવા લાયક ને વાંચવા સમજવા લાયક છે. તેની ખરી કિંમત વાંચનારજ કરી શકે તેમ છે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ શાસ્ત્રી.

અમારી તરફથી કાયમ છપાય છે તેમાં કેટલોક વધારો કરીને તેજ ટાઇપથી છપાવેલ છે. અને તેવાજ પુંઠાથી બંધાવેલ છે. કિંમત છ આના જ રાખેલ છે. જૈન શાળા કન્યાશાળા માટે અને ઇનામ માટે ખરિદ કરનારને પાંચ આનાથી મળી શકશે. બહાર ગામવાળાઓને પોસ્ટેજ જુદું આપવું પડશે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. ગુજરાતી

અમારી તરફથી છપાય છે તેવોજ શિલા છાપમાં છપવેલી આ બુક હાલમાં જાહુ મૂદતે બહાર પડી છે. છાપકામ ને બાઇન્ડીંગ મનરંજન કરે તેવાં છે. કિંમત પ્રથમ પ્રમાણેજ આઠ આના અને જૈનશાળા કન્યાશાળા વિગેરે માટે સાત આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

### ગ્રાહકોને ભેટ.

## નવું જૈન પંચાગ.

**સંવત ૧૯૬૮ ના ચૈત્રથી સં. ૧૯૬૯ ના ફાગણ સુધીનું.**

**રાય સાહેબ બદ્રીદાસજી બહાદુરના ફોટા સાથેનું.**

**કિંમત અરધો આનો.**

જૈન બંધુઓને ખાસ ઉપયોગી છે અને બીજા બહાર પડતા પંચાંગોની સરખામણીમાં વિશ્વાસ કરવા લાયક છે. કારણ કે જ્યોતિષના અનુભવી મુનિ મહારાજ પાસે પસાર કરાવવામાં આવે છે. આ અંક સાથે દરેક ગ્રાહકને ભેટ તરીકે મોકલવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ. कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. ચૈત્ર. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૧ લો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## ब्रह्मस्वरुप प्राप्त्यर्थे श्रीकुमार ब्रह्मचारी प्रभुने प्रार्थना.

( અજીત જિણુંદશું પ્રીતડી—એ દેશી. )

નેમિ પ્રભુ નિત્ય વંદીયે, બ્રહ્મચારી હો પ્રભુ બ્રહ્મ સ્વરૂપ કે;
પૂરણ બ્રહ્માનંદથી, બ્રહ્માત્મા હો પરમાતમ ભૂપ કે. ૧

બ્રહ્મમયિ બ્રહ્મ આપશો. એ ટેક.

શુદ્ધ અનંતા વીર્યની, નિજ શક્તિ હો થઇ સહજે વ્યક્તિ કે;
બ્રહ્મ પ્રભાવ અપૂર્વ છે, સુખદાયિ હો (સુજ) પ્રગટાવશો શક્તિ કે. બ્ર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્માભ્યાસ જે આપનો, મુજ ઉચિત હો દ્રવ્યાદિક યોગ કે;
દેશો દયાબ્ધિ દયા કરો, ટળે સત્વર હો ભવ ભાવથી રોગ કે. બ્ર૦ ૩
અહુર્નિશિ આત્મ સ્થિતિ થકી, ન ભૂલાવો હો કરી વાસ સદૈવ કે;
ચિત્ત પવિત્ર સદા રહે, સુપ્રસન્નતા હો યાચું કરી સેવ કે. બ્ર૦ ૪
યોગ ચપળતા જેમ ટળે, મળે અનુભવ હો અમૃતરસ સિદ્ધિ કે;
**જૈનસેવકને** ઈષ્ટ એ, એક દેશો હો બ્રહ્મરિદ્ધિની વૃધ્ધિ કે. બ્ર૦ ૫

# विनयधर्माराधनार्थ मानत्याग–प्रभुप्रार्थना.

## ( શાર્દૂલ વિક્રિડીત. )

શ્રીતીર્થંકર દેવ નિત્ય પ્રણમું, જે છે અમાની સદા,
દેહાધ્યાસ ટળે મમત્વ પરનો, નાવે ફરી તે કદા;
સાચો જે અકષાય ધર્મ પ્રભુનો, ભાખ્યો રૂચે ભવ્યને,
પામું સદ્ય નિરાભિમાન વિનયે, સાધું રૂડા સાધ્યને. ૧

## ( સાતમી ભૂમિ ને પંદરમી બારી, ત્યાં રાસ રમેછે રંગીલો. એ રાગ )

બીજો કષાય ને સાતમું પાપસ્થાન, માન માનવને સતાવે;
તેનો ચિકીત્સક બીજા તત્વ માર્દવને ધારી, દશમા[1] સ્થાનકમાં વાસવસાવે રે. ૧.
કોઈ સજ્જન સંગે વિરલારે આત્માને પૂરો ઓળખશે,
મહા ભાગ્ય યોગે ભાવેરે જિન ભાષિત તત્ત્વો સદ્દહશે;
કોઈ પરમ પુરૂષના સેવક રે રૂડી સામગ્રીથી સાર્થક કરશે. એ ટેક.
પર્વતના જેવો ઉંચો આડો શીવ વાટે જતાં, દુર્ભેદ્ય માન મહા કાઠો,
આઠે શીખરથી અંતર અંધારૂં ભરતો એ તો, મુમુક્ષુને લાગે ઘણો માઠો રે
એ દાટ્યો રહે નહિ કે'મેરે કાચા જન કોડ ઉપાય કરશે, કોઈ૦ ૨.
ચારે પુરૂષાર્થમાં મહા વિઘ્ન કરનારો એવો, જ્ઞાનીએ જ્ઞાન વડે દીઠો;
અજ્ઞાની જન તો એને વ્હાલામાં વ્હાલો ગણી, માને સ્વચ્છંદે મનમાં મીઠો રે,
પણ અંતે એને રનીઠો રે, જ્યારે વિષ જેવો પરીણમશે, કોઈ૦ ૩.
જે જે શુભગુણના અભિમાનમાં આવી ઉંચા, ઉછળે સ્વોત્કર્ષના તરંગે;

૧ વિનય એ વીશ સ્થાનકમાં દશમું સ્થાનક છે. ૨ નેટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તે શુભગુણુનો કરે નાશ પરપોટા પેઠે, હાનિ એ માનના કુસંગે રે,
ઉમંગે ઉંધા લોકોરે મિથ્યાભિમાની દુઃખી થશે. કોઇ૦ ૪.
**જાતિ**ના મદથી હીણી જાતિમાં જન્મ્યા જાણ્યા, શાસ્ત્રથી કઇંક નર ડાહ્યા;
**કુળ**મદ એકવાર કર્યે વાર અનેક નીચા, કુળમાં જન્મેલા બહુ જણાયા રે,
કોને શું કમાયા ? રે અભિમાને ચઢી પાછા પડશે. કોઇ૦ ૫.
**બળ**મદ કીધેથી નરકે દુઃખમાં રીબાતા જુઓ, દુઃખથી ન મુક્ત પાવા રે;
અતિશય ત્રાસ તેનો જ્ઞાને દેખી જાણીને, જ્ઞાની ન માન કરે કયારે રે,
ધારે જિન આજ્ઞા રે શિર ઉપર તે ઝટ ભવ તરશે. કોઇ૦ ૬.
**રૂપ**મદ કીધે ચક્રી જેવા રૂપાળા મોટા, રોગે પીડાયા પછી ચેત્યા;
ધન્ય વિવેકે રૂડા ત્યજી ભવ કૂપ ક્રીડા, આત્મ સંયમ લઇ સ્થિર થઇ રહેતા રે,
સમભાવે સઘળું સહેતા રે, સુખ દુઃખ એથી શીવ વરશે. કોઇ૦ ૭.
**તપ**મદ કરવાથી તપની શક્તિ ખોઇ બેઠા દીઠા, **વૈભવ**મદથી વૈભવ વિણ ઝુર્યા;
**શ્રુત**મદથી શ્રુતને હાર્યા મૂરખ જગમાં કહેવાયા, **લાભ**ના મદથી ભવદધિ ઉંડા રે
ઉતર્યા તેના પત્તા રે કોણ જાણે કયારે જડશે. કોઇ૦ ૮.
**રાવણ** જેવા રાજાનાં માથાં રણવગડે રખડ્યાં, એમ અનેક મદથી ભમીયા;
કડુઆ વિપાક રસને ભોગવતા દુઃખે તે જે, જિનપદ કે સદ્‌ગુરૂચરણે ન નમીયા રે,
કુદૃષ્ટિ રાગે રમીયારે ભવ નાટક ફેરા બહુ ફરશે. કોઇ૦ ૯.
**માન** એ પર્વતના ચૂરા કરવાને શ્રી જિનરાજા, માર્દવ ગુણ વજ્ર ખુલ્લું મૂકે;
સુવિવેકી સજ્જન જેથી નિર્વિઘ્ને ઇષ્ટ ધામે, જાતાં કોઇ ઠામ નહીં ચૂકે રે,
વિનયે અંતર્ વૈરી રે **માન** જલ્દી ભાગી જશે. કોઇ૦ ૧૦.
કર જોડી શ્રીજિનવર શ્રીસદ્‌ગુરૂ પ્રણમું માગું, એકજ માર્ગ મોક્ષપુરનો;
**જૈનસેવક**ને સત્વર વિનયી કરીને વ્હાલા, જ્ઞાન પ્રકાશ આપો ઉરનો રે;
ચૈતન્યનું નૂર વાધે રે, શુદ્ધાત્મા અનુભવ રસ મળશે. કોઇ૦ ૧૧

**જૈનસેવક**-ગિ૦ હે૦ પાટણ.

# નવું વર્ષ.

પરમ ઉપકારી નિષ્કારણ બંધુ શ્રી પંચ પરમેષ્ટિને ત્રિવિધે નમસ્કાર કરીને આજે હું ૨૮ મા વર્ષમાં પ્રવેશ કરૂં છું. દિનપ્રતિદિન મારી વય વૃદ્ધિ પામતી જાય છે. વર્ષને વીતી જતાં વાર લાગતી નથી. અસંખ્યાતા વર્ષના આયુષ્ય પણ આમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરાં થઈ જતાં હશે એમ જણાય છે. પરંતુ સંસારમાં આસક્ત પ્રાણીઓની જેમ અથવા પાપારંભમાં, અંદર અંદરના કલેશમાં કે આર્તધ્યાનમાં જોડી દેનારા–વૃદ્ધિ કરાવનારા અન્ય લેખકોના પત્રોની જેમ મારૂં જીવન મેં આજ સુધી એવા કોઇ પણ પ્રકારનાં દૂષણોથી દૂષિત કર્યું નથી એ હકિકત મને સંતોષ પમાડે છે. જૈનવાણી કે જે અમૃતના રસ કરતાં પણ અનંત ગુણી મિષ્ટ છે; તેનું ભવ્ય પ્રાણીઓને યથાશક્તિ આસ્વાદન કરાવવું કે જેથી અજર અમરત્વ અથવા જન્મ મરણ રહિતત્વ પ્રાપ્ત થઇ શકે એજ મારો અને મારા ઉત્પાદકો અને પોષકોનો અગ્ર તેમજ અંતિમ હેતુ છે, તેજ સાધ્ય છે અને તે સાધ્ય તરફ દૃષ્ટિ રાખીનેજ અક્ષર પંક્તિ ગોઠવવામાં આવે છે. જેવું પોતાના મનમાં તેવુંજ પરનાં અંતઃકરણમાં હોય છે, એવી સાદી કહેવત મુજબ જ્યારે મારો ભાવ એવો છે ત્યારે મારી ઓળખાણ પણ એવાજ ઉપનામથી થાય છે અને તેથી મારો હેતુ પણ સિદ્ધ થતો જાય છે.

ગત વર્ષમાં લેખની સંખ્યા વૃદ્ધિ પામી છે. એકંદર ૫૫ નો અંક આવેલો છે. તેમાં પણ જ્ઞાનસાર સૂત્ર વિવરણના પેટામાં આવેલા પાંચ અષ્ટકને જુદા જુદા લેખ તરીકે ગણીએ તો ૫૯ લેખો આવેલા છે. ૫૫ મુખ્ય લેખો પૈકી ૧૦ લેખો પદ્યબંધ છે. તેમાં ૩ સાંકળચંદ કવિના, ૨ જૈન સેવક તરીકે ઓળખાણ આપતા ગીરધરલાલ હેમચંદના, ૨ મુંબઇ પનાલાલ જૈન હાઇસ્કુલના ધાર્મિક શિક્ષણ આપનાર શિક્ષક માવજી દામજીના ૧ મોહનલાલ દલીચંદ દેશાઇનો અને બે સરસ્વતી તથા સત્ય વિજય માસિકમાંથી લીધેલા છે. માવજી દામજીના બે પદ્ય લેખો પૈકી એક શ્રીકલ્યાણમંદિર સ્તોત્રના સમશ્લોકી ભાષાંતરનો છે, તે ચાર અંકમાં પૂર્ણ કરવામાં આવ્યો છે; એમાં સમશ્લોકી કરવા જતાં ગુજરાતી ભાષામાં શબ્દ ભંડોળ અતિ અલ્પ હોવાથી કેટલાક તદ્દન સંસ્કૃત શબ્દોજ મુકવા પડ્યા છે કે જેનું ગુજરાતી સમજવું પણ મુશ્કેલ પડે તેમ છે. આમ કરવા જતાં રચના સરલ કરવાને બદલે ઉલટી કલીષ્ટ થઇ જાય છે. સાંકળચંદ કવિના પદ્ય લેખો પૈકી ચાલતા જમાનાના ચિતારવાળો લેખ ખાસ વારંવાર ધ્યાન પૂર્વક વાંચવા વંચાવવા જેવો છે. અન્ય માસિકમાંથી લીધેલા બે પદ્ય લેખ અને મંત્ર શાસ્ત્રનો ગદ્ય લેખ, એ ત્રણ લેખો, સાર હોય તો ગમે તેમાંથી પણ ગ્રહણ કરવાની પૂર્વ પુરૂષોની ઉત્તમ શૈલીનું અનુકરણ કરવા માટે લેવામાં આવ્યા છે.

ગદ્યબંધ ૪૫ લેખો પૈકી અન્ય લેખકોના માત્ર ૯ લેખો છે અને ત્રણ લેખ પરભાર્યા ગણી શકાય તેવા છે. એક લેખ શીળધર્મ ઉપરની અત્યંત રસિક કથાવાળો ખાસ ભાષાંતર કરાવીને દાખલ કરવામાં આવ્યો છે અને બાકીના ૩૨ લેખ તંત્રીના લખેલા છે. અન્ય લેખકોના લેખો પૈકી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજના પાંચે લેખો અત્યુત્તમ છે. શાંત સુધારસ ભાવનાવાળો લેખ ચાર અંકે પૂર્ણ આપવામાં આવ્યો છે, જ્ઞાનસારના લેખમાં દશમાથી ચૌદમા સુધીના પાંચ અષ્ટકો આપવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા છે. ઋષભ પંચાશિકાનો અનુવાદ એકજ અંકમાં આખો આપવામાં આવ્યો છે અને પંચાશક ગ્રંથમાંથી બે પંચાશકનું ભાષાંતર કેટલીક વ્યાખ્યા સહિત જુદા જુદા બે લેખતરીકે આપવામાં આવેલ છે. આ લેખ ખાસ વાંચવા લાયક છે; કારણકે તે મહાપુરૂષ શ્રીહરિભદ્રસૂરી મહારાજની ઉત્તમ પ્રસાદી છે. ન્યાલચંદ લક્ષ્મીચંદે ગત વર્ષના મુખ પૃષ્ઠ પર મુકેલા શ્લોકના વિવેચનનો લેખ લખેલો છે તે ચાર અંકે પૂર્ણ કરવામાં આવ્યો છે. મૌક્તિકના બે લેખ પૈકી એક ષષ્ઠ સૌજન્યનો છે અને એક યોગ રહસ્યાર્થનો છે. બંને લેખ બહુ સારી રીતે લખાયેલા છે. પેલો લેખ ત્રણ અંકમાં પૂર્ણ કરવામાં આવ્યો છે અને બીજો લેખ તો એક અંકમાં પૂરેપૂરો આપવામાં આવ્યો છે. એક હિંદી લેખ જીવહિંસા દૂર કરવાના સંબંધનો છે; તેમાં આપેલી બીના લક્ષમાં લેવા લાયક છે. એવી રીતે કોઈ ઉત્તમ દેવી કોઈના શરીરમાં પ્રવેશ કરીને સત્ય વાત પ્રગટ કરે, અહિંસા ધર્મને પુષ્ટિ આપે અને અકાર્યપરાયણ હિંસકોનું નિવારણ કરે તો ઘણો લાભ થવાનો સંભવ છે. બીજા ત્રણ પરભાર્યા ગણવા જેવા લેખો પૈકી એક શિવજી દેવશીએ જૈનમુનિ તથા ગૃહસ્થોપર માંડેલી ફર્યાદ સંબંધી છે અને બીજો તેણે માગેલી માફી સંબંધી છે. ત્રીજો લેખ નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુને જૈન કોમ્યુનીટી તરફથી આપવામાં આવેલા માનપત્રનો છે; તે માનપત્ર ગુજરાતી ભાષાંતર સહિત દાખલ કરવામાં આવ્યું છે. આ પ્રમાણે કુલ ૧૩ લેખોનું રહસ્ય છે.

તંત્રી તરફથી આપવામાં આવેલા ૩૨ લેખો પૈકી ૭ વર્તમાન સમાચારને લગતા છે, ૧ પુસ્તકોની પહોંચનો છે અને ૧ મી. ઝવેરભાઇ ભાઇચંદના મૃત્યુની નોંધ સંબંધી છે. એ શિવાય ૧૪ લેખો નાના ગણી શકાય તેવા છે; પરંતુ તે ખાસ સાર ગ્રહણ કરવા જેવા છે. તેની અંદર હિંદી જાદુગર નામના માસિક ઉપરથી લીધેલો મંત્રશાસ્ત્રનો લેખ પણ આવી જાય છે. તીર્થ યાત્રા પ્રસંગનો લેખ બે અંકમાં આપવામાં આવ્યો છે તે પણ એમાં આવી જાય છે. બાકી ટુંકા ઉપદેશના બે લેખો, ગુણાનુરાગનો ગત વર્ષમાં અધુરો રહેલો લેખ જે કે પહેલા અંકમાંજ પૂર્ણ કરવામાં આવ્યો છે તે લેખ, છતી વસ્તુની અપ્રાપ્તિના કારણવાળો લેખ, આશાતના પરિત્યાગનો, ગીરનાર યાત્રાનો, શાંતિનાથ ચરિત્ર માંહેના સારનો, ખરા પરમાર્થનો, પૂર્વ પુરૂષોના ઉચ્ચ આશયના નમુનાનો લેખ અને બીજા નાના લેખો ખાસ વાંચવા જેવા છે. એવા ૧૪ લેખો ઉપરાંત બીજા ૭ પણ નાના લેખો લખવામાં આવ્યા છે; પરંતુ તે ખાસ ચર્ચા ચલાવવા માટે જ લખવામાં આવ્યા છે. સ્નાત્ર કરવાના કળશ, ચંદનપૂજા, ચંદનચુડી, પાંચ અભિગમ, હાલમાં થતા સ્વામીવચ્છળ, શ્રાવકના ઉપકરણો અને દેરાસરમાં વિજળિક રોશની—આ સાત લેખ બહુ વિચારપૂર્વક લખવામાં આવ્યા છે. જૈનબંધુઓનું ખાસ ધ્યાન ખેંચવા માટેજ તે લખવામાં આવ્યા છે અને અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું નામ સાથે પુનઃ સ્મરણ પણ એ હેતુથીજ કરાવવામાં આવ્યું છે. ઉપરાંત બે લેખ મોટા શરૂ કરવામાં આવ્યા છે તે પૈકી ચંદરાજાના રાસ ઉપરથી નીકળતા સારના લેખમાં ૬ પ્રકરણો સાર સાથે આપવામાં આવ્યા છે. હજી એ લેખ ઘણા લાંબા વખત સુધી ચાલનારો છે. વાંચનારા બંધુઓને એ લેખે બહુ સંતોષ સાથે આનંદ આપ્યો છે. બીજો લેખ અંદરના મુખપૃષ્ટ પર આપેલા ઉપમિતિ ભવ પ્રપંચા કથા માંહેના એક પારિગ્રાફ ઉપરથી ગૃહસ્થોના કર્ત્તવ્યો સંબંધી લખવામાં આવ્યો છે. તે ત્રણ અંકમાં આપવામાં આવ્યો છે, અને હજુ બીજા ત્રણ અંકમાં આવવાનો છે; તેની અંદર ગૃહસ્થના એકેક કર્ત્તવ્યનું સારૂં વિવેચન આપવામાં આવ્યું છે. આ પ્રમાણે તંત્રીના લખેલા ૩૨ લેખોનું રહસ્ય છે.

ગતવર્ષમાં આપેલા લેખો સંબંધી ટુંકામાં સ્મરણ કરાવીને હવે પ્રસ્તુત વર્ષમાં મારા અંગને શોભાવવા માટે તંત્રીએ અને અન્ય ઉપકારક લેખકોએ શું શું શુભેચ્છા ધારેલી છે તે ટુંકામાં નિવેદન કરવાની આવશ્યકતા છે. તંત્રીએ તો પોતાના આરંભેલા બે લેખો આગળ ચલાવવા ઉપરાંત પ્રસંગોપાત ટુંકા ટુંકા ઉપદેશક લેખો અને જૈનવર્ગમાં ચર્ચા ચલાવવા યોગ્ય લેખો લખવાનું ધાર્યું છે અને લોક પ્રકાશ તેમજ વિશેષાવશ્યક અને ષોડશક જેવા પ્રતિષ્ટિત ગ્રંથોમાંથી સારભૂત અમુક વિભાગ ચુંટી કાઢીને તે આપવાની ઇચ્છા રાખી છે. શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજનો ગતવર્ષમાં બીલકુલ નહિ આવેલો પ્રશમરતિનો વિષય આ અંકમાં શરૂ કરવાનો છે અને અષ્ટકનો વિષય આગળ ચલાવવા સાથે કેટલાક પંચાશકના ભાષાંતર આપવાની એઓસાહેબ ઇચ્છા રાખે છે. મૌક્તિક સૌજન્યના વિષયને આગળ લંબાવી બીજા છુટક છુટક લેખો આપવા ધારે છે અને અન્ય લેખકો જ્યારે જ્યારે જે જે શુભ વિચારની સ્ફુરણા થઇ આવશે ત્યારે ત્યારે તેવા તેવા ઉપયોગી લેખો લખી પોતાની લેખીનીને સફળ કરવા ઇચ્છે છે. મારા ઉત્પાદકોની પણ તેમના પ્રત્યે તેવીજ પ્રાર્થના છે. કથા વાંચવાના રસીકો માટે ગતવર્ષમાં આપેલી કથા જેવી એક બે કથાઓ ભાષાંતર કરવીને આપવાનું ધાર્યું છે. એકંદર રીતે ગ્રાહકોને દિન પરદિન ઉંચા ઉંચા પ્રકારની જિનવાણીની પ્રસાદી ચખાડવાની ઇચ્છા વર્ત્યા કરે છે તે ઇચ્છા પૂર્ણ થવાનો આધાર પરમાત્માની કૃપા ઉપર રહેલો છે.

મારો જન્મમાસ ચૈત્ર છે તે ફેરવી ને કેટલાક બંધુઓની ઇચ્છા વિક્રમ સંવતની શરૂઆતવાળો કાર્ત્તિકમાસ કરવાની થઇ હતી; પરંતુ કેટલાએક કારણથી તે વિચાર બંધ રાખવામાં આવ્યો છે. બીજા કારણો પૈકી એક એ પણ છે કે ઘણા શુભ મુહૂર્ત્તમાં આ કાર્યની શરૂઆત થયેલી છે તેથી તે ફેરવવું યોગ્ય નથી એમ કેટલાક શુભેચ્છકોનું કહેવું છે. વળી જૈની માન્યતા પણ ચૈત્રી વર્ષની છે. આપણે માન્ય કરવા લાયક અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવા આધાર રાખવા લાયક પંચાંગો પણ ચૈત્રીજ બહાર પડે છે. ઇત્યાદિ હેતુથી જેમ છે તેમજ ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ચૈત્રમાસ જૈન બંધુઓને ખાસ કર્મની નિર્જરા કરાવનારો છે. કર્મની નિર્જરા કરવામાં પ્રબળ હેતુ તપ છે. આ માસમાં શ્રીસિદ્ધચક્રના આરાધનનિમિત્તે ઘણા જૈન ભાઇઓ અને સ્ત્રીઓ નવ નવ આંબેલની ઓળી કરે છે અને તે નવ દિવસોવડે સિદ્ધચક્રની અંદર સમાવેલા નવ પદોનું આરાધન કરે છે. કેટલાક બંધુઓ નવ આંબેલ નથી કરી શકતા તોપણ એક બે ત્રણ તો અવશ્ય કરે છે. આ શાશ્વતી અઠ્ઠાઇ છે. આ દિવસોએ ઇંદ્રાદિક દેવો પણ અઠ્ઠાઇ મહોત્સવ કરવા નંદીશ્વર દ્વીપે જાય છે, તો આપણે પણ અવશ્ય આ પર્વનું તપ વડે તેમજ સિદ્ધચક્રની પૂજા ભક્તિ વડે યથાશક્તિ આરાધન કરવું જોઇએ. એમાં પોતાના વીર્યને ગોપવનારા વીર્યાંતરાય કર્મનો બંધ કરે છે. માટે જે દિવસો નિર્જરાના હેતુ થાય તેવા છે તે દિવસો બંધના હેતુ નજ થવા જોઇએ. પાપારંભમાં નિમગ્ન, દુર્ગતિએ જવાનું સંબળ મેળવનારા અને માંસ મદિરામાં આસક્ત કેટલાએક મનુષ્યો આ દિવસોમાં દેવીની પાસે નૈવેદ્ય ધરવાને બહાને બીચારા અવાચક અને નિર્દોષ પશુઓનો વિનાશ કરે છે, તેમણે ગતવર્ષના પૃષ્ટ ૩૪૬–૪૭ ઉપર આપવામાં આવેલો લેખ ખાસ વાંચવા લાયક છે અને તેમાં કહેલી હકીકત સત્ય માનીને તેવા પાપથી પાછા ઓસરવું યોગ્ય છે. આ પ્રસંગ પ્રસ્તુત ન હોવાથી તે સંબંધી વિશેષ લખવું યોગ્ય નથી.

ગતવર્ષના પૃષ્ટ ૩૫૧-૫૨ ઉપર આપવામાં આવેલ **મુનિસમુહ પ્રત્યે વિજ્ઞપ્તિ** વાળો લેખ જે કોઇ સાધુ મુનિરાજના કે સાધ્વીના વાંચવામાં ન આવ્યો હોય તેમણે વાંચવાની કૃપા કરવી એવી અમારી પ્રાર્થના છે. તે સાથે હાલમાં વર્તતા સર્વ મુનિમહારાજ પ્રત્યે બીજી એક પ્રાર્થના છે કે લોકોક્તિમાં હાલ એમ કહેવાવા લાગ્યું છે કે શ્રાવકો કરતાં સાધુઓમાં પરસ્પર વધારે ઇર્ષા અને કલેશ છે તે લોકોક્તિનું નિવારણ કરવા માટે જેમ બને તેમ મુનિઓના એક સંપમાં વૃદ્ધિ કરવાની આવશ્યકતા છે. તેમ કરવાથી આપ મહાત્માઓનું હિત થશે તેમાં તો કાંઇ આશ્ચર્ય નથી પરંતુ અનેક બાળજીવો જેઓ સમજીને કે વગર સમજ્યે નિંદા મુનિની કરવા મંડી જાય છે તેમનું બહુ હિત થશે, તેઓ ધર્મમાં ચપળ ચિત્તવાળા થઇ ગયા છે, મુનિ વર્ગ ઉપરથી ભાવ ઘટાડી બેઠા છે તેઓ પાછા દૃઢ થશે અને મધ્યસ્થ જીવોનું પણ વિશેષ કલ્યાણ થશે. આપ સાહેબો પણ એવી હકીકતથી વિખુટા પડશો એટલે ઉપદેશનું કાર્ય વિશેષ કરી શકશો જેથી અનેક ભવ્ય જીવો આપના અવલંબનથી ઉંચા આવશે અને દુસ્તર ભવસમુદ્ર તરવાને ભાગ્યશાળી થશે.

ગતવર્ષમાં જે જે લેખકો જૈનવર્ગમાં સારા લેખો લખવા માટે પંકાયેલા છે તેઓ પૈકી જેઓ લેખ મોકલી શકયા નથી તેઓ પ્રસ્તુત વર્ષમાં અવકાશ મેળવીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય લેખ મોકલાવવા પ્રયત્ન કરશે એવી મારી મારફત મારા ઉત્પાદકો તેમને વિનંતિ કરે છે. ગ્રાહક સમુદાય પૈકી પણ જેઓ માત્ર પૈસા આપીને આવેલ માસિક જ્યાં ત્યાં મુકી દેતા હોય. ઉપેક્ષા ધરાવતા હોય તેમના પ્રત્યે ખાસ વિનંતિ છે કે આવા પ્રયાસ પૂર્વક લખાતા અને ખાસ આત્મહિત કરે તેવા માસિકને જેમ તેમ વેગળું મુકી ન દેતાં તે આદ્યંત વાંચવાનો અવકાશ મેળવવો અને તેમાંથી સાર ગ્રહણ કરી બની શકે તેટલું સત્ક્રિયામાં જોડાવું. જેઓ મને વાંચવાનો લાભ લે છે. પરંતુ પૈસા મોકલવામાંજ પ્રમાદ કરે છે તેમના પ્રત્યે વિજ્ઞપ્તિ છે કે આવા અપૂર્વ લાભના બદલામાં માત્ર અલ્પ કિંમત આપવી તે પ્રમાદતજીને કરવા જેવું કાર્ય છે. જો કે હાલમાં તો બહોળે ભાગે વેલ્યુપેબલ તરીકે ભેટની બુક મોકલીને લવાજમ મંગાવવામાં આવે છે પરંતુ તેમાં પણ આખું વર્ષ માસિકનો લાભ લીધો હોય છતાં વેલ્યુપેબલ પાછું ફેરવનારા ભાગ્યશાળીઓ નીકળે છે. કેટલાક ભાઇઓ તો બબે ચચાર વર્ષના લવાજમને માટે પણ એવી સાહુકારી વાપરે છે. આ બધી જ્ઞાન પ્રત્યે અનાદર ભાવની નીશાની છે, અકર્તવ્ય છે, તેથી ઉત્તમ જનોએ તેમ કરવું યોગ્ય નથી. આટલી પ્રાસંગિક સૂચના કરીને વિદ્વાન ગણાતા જૈન બંધુઓને તેમજ સર્વ મુનિ મહારાજાઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે કે આ માસિક માંહેના લેખોમાં કોઇપણ હકીકત, વાકય કે શબ્દ જૈન શૈલીથી વિપરિત લખાયેલ દૃષ્ટિ ગોચર થાય તો તેને માટે તરતજ અમારાપર લખવા કૃપા કરવી. એથી અમને કિંચિત્ પણ ખેદ થશે નહિ અમે તેમનો ઉપકાર માનશું અને તે હકીકત આ માસિકમાંજ પ્રગટ કરશું. કારણ કે જૈન શાસનની એજ ઉત્તમ પ્રનાળિકા છે. અમારી સભા તરફથી પ્રગટ થતા ગ્રંથોને માટે પણ આ પ્રકારનીજ અમારી વિનંતિ છે માટે અવશ્ય તે ઉપર ધ્યાન આપી અમારી સ્ખળના અમને જણાવશો કે જે તાત્કાળિક દૂર કરવામાં આવશે.

આ પ્રમાણે મારા ઉત્પાદકો તરફની વિજ્ઞપ્તિ જાહેરમાં મુકીને હવે હું નિવૃત્ત ચિત્તે મારા કાર્યમાં આગળ વધુંછું અને પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે વારંવાર વિનંતિ કરૂંછું કે મને જન્મ આપનાર સભા અને તેના અંગિભૂત સભાસદો દિન પર દિન ધાર્મિક ઉન્નતિ મેળવો, મારા વાંચનારાઓ જિન વાણીની ઉત્તમ પ્રાસાદી મેળવવાને ભાગ્યશાળી થાઓ અને મારૂં અંગ શોભાવનારા લેખકો નિર્મળ ચિત્તવૃત્તિથી નિર્મળ લેખો લખી મારા અંગને શોભાવો. પરમાત્મા તેમની એ પ્રકારની શક્તિમાં વૃદ્ધિ કરો અને જૈન સમુદાય દિન પર દિન ઉચ્ચ દશાને પામો, તેમનામાંથી ઇર્ષા, અદેખાઇ, વૈર, વિરોધ, કલેશ, કુસંપ, નાશ પામો અને પૂર્વ પુરૂષોના ઉત્તમ પગલે ચાલી આત્મ હિત કરી લેવામાં તેઓ તત્પર બનો. પરમાત્માની કૃપાથી મારી સર્વ પ્રાર્થના સફળ થાઓ. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री उमास्वातिवाचक विरचितम्

# प्रशमरति प्रकरणम्.

( सरल व्याख्या समेतं )

( લેખક–સન્મિત્ર કર્પૂરવિજયજી )

અનુસંધાન પુ. ૨૬ ના પૃષ્ઠ ૨૬૮ થી.

रागद्वेषपरिगतो मिथ्यात्वोपहतकलुषया दृष्ट्या ।
पञ्चाश्रवमलबहुलार्त्तरौद्रतीव्राभिसंधानः ॥ २० ॥
कार्याकार्यविनिश्चयसंक्लेशविशुद्धिलक्षणैर्मूढः ।
आहारभयपरिग्रहमैथुनसंज्ञाकलिग्रस्तः ॥ २१ ॥
क्लिष्टाष्टकर्मबन्धनबद्धनिकाचितगुरुर्गतिशतेषु ।
जन्ममरणैरजस्रं बहुविधपरिवर्तनाभ्रान्तः ॥ २२ ॥
दुःखसहस्रनिरन्तरगुरुभाराक्रान्तकर्षितः करुणः ।
विषयसुखानुगततृषः कषायवक्तव्यतामेति ॥ २३ ॥

**ભાવાર્થ**—રાગ દ્વેષથી વ્યાપ્ત, મિથ્યાત્વથી મલીન થયેલી કલુષિત બુદ્ધિ-દૃષ્ટિ-વડે પંચાશ્રવરૂપ અતિશય મળને લીધે આર્ત્ત રૌદ્રધ્યાનના તીવ્ર પરિણામવાળો, કાર્યાકાર્ય વિનિશ્ચય અને સંકલેશ તથા વિશુદ્ધિના લક્ષણોથી મૂઢ, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા રૂપ કલેશથી ગ્રસ્ત, આઠ પ્રકારના ક્લિષ્ટ કર્મના નિકાચિત બંધનથી ભારે થયેલો, સેંકડો ગતિને વિષે જન્મ મરણવડે નિરંતર બહુ પ્રકારના પરિભ્રમણવડે ભમેલો, હજારો ગમે અવિચ્છિન્ન દુઃખવડે અત્યંત ભારાક્રાંત થવાથી દુર્બળ, કરૂણાજનક સ્થિતિવાળો, અને વિષય સુખની તૃષાવાળો એવો ( દીન દુઃખી ) જીવ કષાયી કહેવાય છે. ૨૦–૨૩

**વિવેચન**—ઉપર જેમના પર્યાય બતાવવામાં આવ્યા છે તે રાગ અને દ્વેષયુક્ત અને તત્ત્વાર્થમાં અશ્રદ્ધાનરૂપ અભિગૃહીત, અનભિગૃહીત અને સંદેહાત્મક ત્રણ પ્રકારના મિથ્યાત્વવડે ઉપહત હોવાથી મલીન બુદ્ધિયોગે પાંચ ઇંદ્રિયો અથવા પ્રાણાતિપાતાદિક પાંચ આશ્રવોદ્વારા જેણે કર્મ રાશિ ઉપચિત (એકઠો) કરેલ છે તેમજ [1]આર્તધ્યાન અને [2]રૌદ્રધ્યાન વડે જેના બહુજ કઠોર પરિણામ છે, જીવરક્ષાદિક કાર્ય

૧ અગ્રશોચ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસયોગ અને રોગ ચિંતા રૂપ. ૨ હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને પરિગ્રહરક્ષણાનુબંધી રૂપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જીવહિંસાદિક અકાર્ય તેનો નિર્ણય, તથા ક્લિષ્ટ ચિત્તના અને નિર્મળ ચિત્તતાનાં જે લક્ષણો તેથી મૂઢ ( મુગ્ધ ), તેમજ આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા રૂપ ક્લેશથી ગ્રસ્ત બની અનેક ગતિમાં પુનઃ પુનઃ ભ્રમણ થકી ક્લિષ્ટ એવાં આઠ પ્રકારનાં કર્મ બંધનથી બંધાયેલો અને બદ્ધ નિકાચિતપણાથી ભારે સતો જન્મ જરા અને મરણો વડે અનેક આકારે વારંવાર રખડતો, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં નિરંતર સેંકડો ગમે દુઃખોના મ્હોટા ભાર વડે વ્યાપ્ત હોવાથી દુર્બળ અને દીન બનેલો શબ્દાદિક વિષયસુખમાં આસક્ત થઇ પુનઃ તેનીજ અધિકાધિક અભિલાષા રાખતો જીવ કષાયી-ક્રોધી, માની, માયાવી, અને લોભી કહેવાય છે. ૨૦-૨૩.

' એવો કષાયી આત્મા કેવી વિડંબના પામે છે તે બતાવે છે. '

स क्रोधमानमायालोभैरतिदुर्जयैः परामृष्टः ।
प्राप्नोति याननर्थान् कस्तानुद्देष्टुमपि शक्तः ॥ २४ ॥

**ભાવાર્થ**—અતિ દુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભવડે કરીને વીંટાયેલો પ્રાણી જે જે અનર્થને પામે છે; તેનું કથન કરવાને પણ કોણ સમર્થ છે? ૨૪.

**વિવેચન**—દુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયને વશ પડેલો જીવ વધ બંધાદિક જે જે અનર્થ ( આપદા ) પામે છે તે નામ માત્રથી વર્ણવવાને પણ કોણ સમર્થ છે ? જોકે સકળ અનર્થ વર્ણવી શકાય એમ નથીજ, પરંતુ સ્થૂલતર કેટલાક અનર્થનું કથન ભવ્યજનોને હિતકર જાણીને કહે છે. ૨૪.

क्रोधात्प्रीतिविनाशं मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात्प्रत्ययहानिं सर्वगुणविनाशनं लोभात् ॥ २५ ॥

**ભાવાર્થ**—ક્રોધ વડે કરીને પ્રીતિનો વિનાશ થાય છે, માનથી વિનયનો ઉપઘાત થાય છે, માયાથી વિશ્વાસનો લોપ થાય છે અને લોભથી સર્વ ગુણનો વિનાશ થાય છે. ૨૫.

**વિવેચન**—મોહ કર્મોદયજનિત ક્રોધી સ્વભાવથી આ લોકમાં પ્રગટ પ્રિયતમ જનો સાથે પણ પ્રીતિનો લોપ થાય છે, અને પ્રીતિનો નાશ થયે સતે આત્માને બહુ અસુખ પ્રગટે છે. ' હુંજ જ્ઞાની, દાતા કે શૂરવીર છું ' ઇત્યાદિક ગર્વ યુક્ત આત્માના પરિણામથી વિનયનો લોપ થાય છે. વિનય મૂળ ધર્મ હોવાથી દેવ, ગુરૂ, સાધુ અને વૃદ્ધોનો યથાયોગ્ય વિનય કરવોજ જોઇએ, તે જેનામાં ગર્વ જાગે છે તે કરી શકતો નથી. શઠવૃત્તિ-માયા પરિણામથી પોતાના ઉપરથી લોકોની પ્રતીતિ ઉઠી જાય છે. વ્યવહારમાર્ગમાં કપટ વૃત્તિથી અસત્ય ભાષણ યોગે ' સત્યવાદી શાહુકાર '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી પોતાની આબરૂને ધક્કો લાગે છે, જેથી કોઇ તેના ઉપર વિશ્વાસ કરતું નથી. અને લોભવશ થયેલો જીવ ક્ષમા, માર્દવ (નમ્રતા) તથા આર્જવ ( સરલતા ) પ્રમુખ સમસ્ત ગુણોનો વિનાશ કરે છે; 'તેમજ સમસ્ત આપદાને સ્વયમેવ માગી લેછે'. ૨૫.

' હવે ક્રોધાદિક પ્રત્યેક કષાયનું પૃથક્કરણ કરી સમજાવે છે. '

क्रोधः परितापकरः सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषङ्गजनकः क्रोधः क्रोधः सुगतिहन्ता ॥ २६ ॥

**ભાવાર્થ**—ક્રોધ સર્વને પરિતાપ કરનાર, ઉદ્વેગ કરનાર, વૈર ભાવને ઉત્પન્ન કરનાર અને સદ્ગતિનો નાશ કરનાર છે. ૨૬.

**વિવેચન**—દાહજ્વરવાળાની જેમ ક્રોધી જીવને પરિતાપ થાય છે. ક્રોધી જીવ સહુ કોઇને સર્વ ગતિમાં ભય–ઉદ્વેગ ઉપજાવે છે, તેમજ ક્રોધી જીવ વૈર–વિરોધની પરંપરા વધારે છે અને મોક્ષ ગતિથી વંચિત રહે છે, એટલે પરમ નિવૃત્તિ સુખને પામી શકતોજ નથી. સુભૂમ અને પરશુરામાદિક કઇક ક્રોધવશ દુર્ગતિગામી થયેલા શાસ્ત્રમાં સાંભળીએ છીએ; તેથી તે આ લોક તેમજ પરલોકમાં હાનિકારકજ છે એમ સમજી શાણા માણસોએ તેને તજવોજ યુક્ત છે. ' ક્રોધના વિરૂવા વિપાક વેદતી વખત બહુજ કડવા લાગે છે '. ૨૬.

श्रुतशीलविनयसंदुषणस्य धर्मार्थकामविघ्नस्य ।
मानस्य को ऽवकाशं मुहूर्तमपि पण्डितो दद्यात् ॥ २७ ॥

**ભાવાર્થ**—શાસ્ત્ર, શીલ અને વિનયને દૂષણરૂપ, ધર્મ, અર્થ અને કામને વિઘ્નરૂપ એવા માનને **કોણ પંડિત પુરૂષ એક મુહૂર્ત માત્ર પણ** અવકાશ આપે ? ૨૭.

**વિવેચન**—શ્રુત એટલે આગમ અને શીલ એટલે સર્વજ્ઞ દેશિત આગમ અનુસારે કરવામાં આવતું ક્રિયાનુષ્ઠાન, એ બંનેને ગર્વ બહુ દૂષણકારી થાય છે. શ્રુતવડે મદને ગાળવો જોઇએ તેને બદલે શ્રુતનોજ ગર્વ કરવાથી તે દૂષિત ઠરે છે. એવીજ રીતે શીલ આશ્રી પણ સમજી લેવું. વિનય રહિત હોવાથી ' આ દુઃશીલજ છે ' એમ લોકમાં ગવાય છે તેથી શીલ પણ દૂષિત ઠરે છે. તેમજ ધર્મ, અર્થ અને કામ સાધવામાં માન–અહંકાર વિઘ્નકારી છે. ધર્મ વિનયમૂળ હોવાથી માન ધર્મનો વિઘ્નકારી ઠરે છે; એટલે તે સત્ય ધર્મની પ્રાપ્તિ થવા દેતોજ નથી. ધર્મ અનુષ્ઠાનશૂન્ય હોવાથી અર્થપ્રાપ્તિમાં પણ વિઘ્નકારી થાયછે. કામની પણ સંપ્રાપ્તિ વિનય સંપન્નનેજ સંભવે છે. આમ હોવાથી એવા પ્રકારના ગર્વને એક ક્ષણ માત્ર પણ અવકાશ આપવાનું કોણ મતિમાન્ પસંદ કરે ? કોઇજ નહિ. ૨૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मायाशीलः पुरुषो यद्यपि न करोति किंचिदपराधम् ।
सर्प इवाविश्वास्यो भवति तथाप्यात्मदोषहतः ॥ २८ ॥

**ભાવાર્થ**—જો કે માયાવી પુરૂષ કાંઇ પણ અપરાધ ન કરે તોપણ સ્વાભાવિક દોષથી હણાયેલા સર્પની જેમ તે વિશ્વાસપાત્ર થતો નથી. ૨૮.

**વિવેચન**—માયા-શઠતા-કુટીલતા કરનારે કંઇ પણ અપરાધ કર્યો ન હોય એટલે પ્રથમ માયાવીપણે વર્તન ચલાવ્યા બાદ દૈવયોગે તે દોષથી નિવર્ત્યો હોય તોપણ પોતાનાજ ( પૂર્વ ) દોષથી હણાયેલો તે સર્પની પેરે વિશ્વાસ પાત્ર થતો નથી. જેમ નિર્વિષ સર્પનો પણ કોઇ વિશ્વાસ કરતું નથી; તેમ ઉપર જણાવેલા માયાવાનનો પણ કોઇ વિશ્વાસ કરતું નથી. તેનાથી લોકો સ્વાભાવિક રીતે ડરતાજ રહે છે. ૨૮

सर्वविनाशाश्रयिणः सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य को मुखगतः क्षणमपि दुःखान्तरमुपेयात् ॥२९॥

**ભાવાર્થ**—સર્વ વિનાશના આશ્રય સ્થાનરૂપ અને સર્વ દુઃખના મુખ્ય માર્ગરૂપ લોભને વશ થયેલો કયો માણસ એક ક્ષણ પણ સુખને પામી શકે ? ૨૯.

**વિવેચન**—સર્વ પ્રકારના વૈર-વિરોધાદિક લોભથીજ પ્રભવે છે. જે ચોરી, જારી પ્રમુખ વ્યસનોને વશ થનાર અનેક પ્રકારની વિટંબના પામે છે, તે તે સર્વ વ્યસનોનો લોભજ એક રાજમાર્ગ છે. તેવા લોભને વશ થયેલો કોણ એક ક્ષણમાત્ર પણ સુખ-શાતા પામી શકે ? કોઇ કદાચિત્ પણ નજ પામી શકે. ૨૯

" હવે બહુ દોષયુક્ત કષાયનો અધિકાર સમાપ્ત કરતા કહે છે. "

एवं क्रोधो मानो माया लोभश्च दुःखहेतुत्वात् ।
सत्त्वानां भवसंसारदुर्गमार्गप्रणेतारः ॥ ३० ॥

**ભાવાર્થ**—એવી રીતે ક્રોધ, માન, માયા અને લોભ દુઃખદાઇ હોવાથી જીવોને ચાર ગતિરૂપ સંસારના વિષમ માર્ગે દોરનાર છે. ૩૦

**વિવેચન**—એવી રીતે ઉક્ત ક્રોધ, માન, માયા અને લોભ રૂપ સર્વ કષાય પ્રાણીઓને નરકાદિક ગતિઓમાં દુઃખ પેદા કરાવનારા હોવાથી ચાર ગતિરૂપ સંસારનો મહા વિષમ માર્ગજ બતાવનારા છે. એટલે કે હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, પ્રમુખ દુર્ગતિદાયક અનિષ્ટ આચરણ ( અનાચરણ ) માંજ પરાણે પ્રેરનારા છે. તેથી તે સમસ્ત કષાય નિર્દલન કરવાનેજ યોગ્ય છે. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ममकाराहंकारावेषां मूलं पदद्वयं भवति ।
रागद्वेषावित्यपि तस्यैवान्यस्तु पर्यायः ॥ ३१ ॥

**ભાવાર્થ**—આ કષાયોનું મૂળ કારણ અહંકાર અને મમકારરૂપ પદનું જોડલું છે, રાગ અને દ્વેષ પણ તેનાંજ બીજાં નામ છે. ૩૧

**વિવેચન**—મમકાર એટલે 'આ મારૂં' એવો મમત્વ. તેથી માયા અને લોભ એ બે કષાયનું ગ્રહણ થાય છે. તેમજ અહંકાર એટલે ગર્વ તે અભિમાન અને ક્રોધ લક્ષણ જાણવો. માયા–કપટ પણ વણિકો દ્રવ્ય ઉપાર્જનના લોભ માટેજ કરેછે. તેમજ ક્રોધ પણ અભિમાનથીજ કરવામાં આવે છે. શું આ મારો પરાભવ કરી જાય? એવા અભિમાનથી ક્રોધ ઉપજે છે, તથા રાગ અને દ્વેષને પણ ક્રોધાદિકનાં બીજરૂપ જાણવાં. તે રાગ દ્વેષનાજ પૂર્વોક્ત મમકાર અને અહંકાર પર્યાય રૂપ જાણવા. એટલે મમકાર એ રાગ અને અહંકાર એ દ્વેષરૂપ છે એમ સમજી લેવું. ૩૧.

मायालोभकषायश्चेत्येतद्रागसंज्ञितं द्वंद्वम् ।
क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ॥ ३२ ॥

**ભાવાર્થ**—માયા અને લોભરૂપ કષાય એ રાગની સંજ્ઞા છે, તથા ક્રોધ અને માન એ દ્વેષની સંજ્ઞા સંક્ષેપમાં કહેલ છે. ૩૨

**વિવેચન**—ઉક્ત લક્ષણવાળા માયા અને લોભ કષાય એ રાગ નામનું દ્વંદ્વ છે અને ક્રોધ તથા માન એ બંને કષાય દ્વેષ નામના સંક્ષેપથી સમજી લેવા. ૩૨

'તે રાગ દ્વેષ અથવા મમકાર અને અહંકારજ જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધનમાં પૂરતા સમર્થ છે કે તે બીજા પણ કોઇની સહાયની અપેક્ષા રાખે છે તે સંબંધી શાસ્ત્રકાર ખુલાસો કરે છે'.

मिथ्यादृष्ट्यविरमणप्रमादयोगास्तयोर्बलं दृष्टम् ।
तदुपगृहीतावष्टविधकर्मबन्धस्य हेतू तौ ॥ ३३ ॥

**ભાવાર્થ**—મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ ને યોગ એ રાગદ્વેષનું બલ છે. તેની સહાયથી તે રાગદ્વેષ આઠ પ્રકારના કર્મબંધનાં હેતુ થાય છે. ૩૩

**વિવેચન**—પૂર્વોક્ત તત્ત્વાર્થમાં અશ્રદ્ધાન લક્ષણ **મિથ્યાત્વ, અવિરતિ** અને પાપ આશયથી વિષય, ઇંદ્રિય, નિદ્રા અને વિકથારૂપ ચતુર્વિધ **પ્રમાદ** તેમજ મન, વચન અને કાયારૂપ **યોગ** એ ચારની સહાયની કર્મબંધ કરવામાં રાગ દ્વેષને જરૂર પડે છે. એટલે એ ચારની સહાયથી ઉક્ત રાગ અને દ્વેષ જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મબંધનના હેતુ કરે છે. ૩૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तत्र प्रदेशबन्धो योगात्तदनुभवनं कषायवशात् ।
स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण ॥३७॥

**ભાવાર્થ**—તેમાં પ્રદેશબંધ મન વચન અને કાયના યોગે કરીને થાય છે, કષાયના વશથી તેનો અનુભાગ ( રસ ) બંધ પડે છે, અને લેશ્યાના તારતમ્યવડે કરીને સ્થિતિબંધનું નિર્માણ થાય છે. ૩૭

**વિવેચન**—તેમાં પ્રદેશબંધ ( જ્ઞાનાવરણાદિક કર્મ પુદ્ગલોનો આત્મ પ્રદેશોમાં ઉપચય ) મન વચન અને કાયાથકી થાય છે. તે પ્રદેશ બદ્ધકર્મનું અનુભવવું કષાયવશથી થાય છે. તે કર્મની સ્થિતિ તથા રસની નિષ્પત્તિ લેશ્યા વિશેષ વડે ઉત્કૃષ્ટ, મધ્યમ કે જઘન્ય થાય છે એમ સમજવું. તે લેશ્યા કઇ અને કેટલી છે? તે શાસ્ત્રકાર જણાવે છે. ૩૭

ताः कृष्णनीलकापोततैजसीपद्मशुक्लनामानः ।
श्लेष इव वर्णबन्धस्य कर्मबन्धस्थितिविधात्र्यः ॥३८॥

**ભાવાર્થ**—તે (લેશ્યાઓ) કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુક્લ નામે છે, અને તે ચિત્રકામમાં સરેસ (શ્લેષ) ની પેઠે કર્મબંધની સ્થિતિને કરનારી છે. ૩૮

**વિવેચન**—લેશ્યાના ૬ ભેદ કહ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુક્લ એ તેનાં નામ છે. જંબૂફળ (જાંબુ) ખાવાને ઇચ્છતા ૬ પુરૂષોના દૃષ્ટાંતે પોતપોતાના પરિણામની અપેક્ષાએ અધ્યવસાય વિશેષ રૂપ લેશ્યા જાણવી. બીજા આચાર્યો કહે છે કે કાયાદિક યોગ પરિણામ એ લેશ્યા છે. કેમકે કાયા અને વાણીનો વ્યાપાર પણ મનઃ પરિણામને અપેક્ષીને તીવ્ર-અશુભાદિક હોય છે. અશુભ કે શુભ કર્મદ્રવ્યસદૃશ પ્રાણીઓને પોતાના મનના પરિણામ થાય છે. જેમ ભીંત પ્રમુખ ઉપર ચિત્રકર્મ કરવામાં વપરાતા રંગોમાં શ્લેષ ( સરેસ ) નાંખવાથી તે ચિત્રકર્મ ચિરસ્થાયી મજબૂત-ટકાઉ થાય છે તેમ ઉપર કહેલી ષટ્ લેશ્યા શુભ કે અશુભ કર્મની સ્થિતિનું નિર્માણ કરે છે. એટલે કે કૃષ્ણાદિક ત્રણ લેશ્યાઓ અશુભ કર્મની અતિ દીર્ઘ અને દુઃખદાયી સ્થિતિ નીપજાવે છે ત્યારે તેજસ, પદ્મ અને શુક્લ લેશ્યાઓ અતિ શુભ ફળને આપનારી થાય છે. ૩૮

એવી રીતે કર્મનો બંધ થયે સતે શું થાય છે તે કહે છે.

कर्मोदयाद्भवगतिर्भवगतिमूला शरीरनिर्वृत्तिः ।
देहादिन्द्रियविषया विषयनिमित्ते च सुखदुःखे ॥३९॥

**ભાવાર્થ**—કર્મોદયથી ભવભ્રમણ, અને ભવભ્રમણથી શરીરનું નિર્માણ, શરીરથકી ઇંદ્રિયજન્ય વિષયો, અને વિષય નિમિત્તથી સુખં દુઃખ પ્રવર્તે છે. ૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—તે બાંધેલું અશુભાદિક કર્મ પરિપાકપણાને પામ્યે સતે નરકાદિક ગતિમાં ગમન કરવું પડે છે. નરકાદિક ગતિમાં તત્ પ્રાયોગ્ય શરીરનું નિર્માણ થાય છે. શરીરથકી સ્પર્શનાદિક ઇંદ્રિયોનું નિર્માણ થાય છે અને તે ઇંદ્રિયોના નિર્માણ થકી સ્પર્શનાદિક વિષય ગ્રહણની શક્તિ સંપજે છે. પછી ઇષ્ટ વિષયયોગે સુખાનુભવ અને અનિષ્ટ વિષયયોગે દુઃખાનુભવ થાય છે. ૩૯

'આ સંસારમાં સ્વભાવેજ સર્વ કોઈ પ્રાણી સુખને અભિલષે છે અને દુઃખથી ત્રાસે છે. છતાં મોહથી અંધ બનેલ જીવ ગુણદોષનો વિચાર કર્યા વગર સુખ પ્રાપ્તિમાટે યત્ન કરતો જે જે ક્રિયા કરે છે–આરંભે છે તે તે તેને દુઃખદાયી નીવડે છે એ શાસ્ત્રકાર દર્શાવે છે.'

दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥४०॥

ભાવાર્થ—દુઃખનો દ્વેષી અને સુખનો અભિલાષી, મોહાન્ધપણાથી ગુણ દોષને નહીં દેખતો જે જે ચેષ્ટા કરે છે તે તે વડે તે દુઃખ પામે છે. ૪૦.

**વિવેચન**—દુઃખને અણઈચ્છતો અને સુખને અભિલષતો જીવ મિથ્યાત્વ કષાયાદિક મોહવડે અંધ બનેલો હોવાથી ગુણ દોષને જોઇ શકતો નથી અને જે જે મન, વચન અને કાયા સંબંધી ચેષ્ટા સુખનિમિત્તે કરે છે તે તે વડે દુઃખકારી કર્મ બાંધી દુઃખનોજ અનુભવ કરે છે. (જેમ કોઇક મૂર્ખ કૌતુકવડે શસ્ત્ર ફેરવે તો તેજ શસ્ત્રથી પોતે ઘવાઇ જાય છે, તેમ ગુણ દોષનો અજાણ સુખમાટે મનમાનતી ચેષ્ટા કરતો પરિણામે દુઃખનોજ ભાગી થાય છે.) ૪૦

'તેમાં પાંચે ઇંદ્રિયોના વિષયો પૈકી એક એક ઇંદ્રિયના વિષયમાં પણ પ્રવૃત્ત થયે સતે જે જે વિટંબના થાય છે તે પાંચ દૃષ્ટાંતથી બતાવે છે.'

कलरिभितमधुरगांधर्वतूर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो हरिण इव विनाशमुपयाति ॥४१॥
गतिविभ्रमेङ्गिताकारहास्यलीलाकटाक्ष विक्षिप्तः ।
रूपावेशितचक्षुः शलभ इव विपद्यते विवशः ॥४२॥
स्नानाङ्गरागवर्त्तिकवर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को मधुकर इव नाशमुपयाति ॥४३॥
मिष्टान्नपानमांसौदनादिमधुररसविषयगृद्धात्मा ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गलयन्त्रपाशबद्धो मीन इव विनाशमुपयाति ॥ ४४ ॥
शयनासनसंबाधनसुरतस्नानानुलेपनासक्तः ।
स्पर्शव्याकुलितमतिर्गजेन्द्र इव बध्यते मूढः ॥ ४५ ॥
एवमनेके दोषाः प्रणष्टशिष्टेष्टदृष्टिचेष्टानाम् ।
दुर्नियमितेन्द्रियाणां भवन्ति बाधाकरा बहुशः ॥४६॥
एकैकविषयसङ्गाद्रागद्वेषातुरा विनष्टास्ते ।
किं पुनरनियमितात्मा जीवः पञ्चेन्द्रियवशार्त्तः ॥४७॥

**ભાવાર્થ**—મનોહર અને મધુર એવી ગાંધર્વની વીણા અને સ્ત્રીઓના આભૂષણના અવાજ વિગેરેથી શ્રોત્રઇંદ્રિયમાં લીન હૃદયવાળો જીવ હરિણની પેરે વિનાશને પામે છે. ગતિ, વિલાસ, ઇંગિતાકાર, હાસ્ય, લીલા અને કટાક્ષથી વિહ્વળ થયેલો અને વિચિત્ર રૂપમાં લીન ચક્ષુવાળો જીવ પતંગની જેમ પરવશ થઇ પ્રાણ તજે છે. સ્નાન, વિલેપન, ગંધવર્ટ્ટિ, વર્ણક ( રંગ ), ધૂપ, ખુશબો તથા પટવાસ વડે કરીને ગંધભ્રમિત મનવાળો પ્રાણી મધુકરની પેરે વિનાશ પામે છે. મિષ્ટાન્ન, પાન, માંસ, ઓદન આદિ મધુર રસના વિષયમાં ગૃદ્ધ થયેલો આત્મા ગલયંત્રમાં ફાંસાથી વિંધાયેલા માછલાની પેઠે વિનાશને પામે છે. શયન, આસન, અંગમર્દન, રતિક્રીડા, સ્નાન અને અનુલેપનમાં આસક્ત થયેલો મૂઢાત્મા સ્પર્શ ઇંદ્રિયના વિષયમાં મુંઝાઇને ગજેન્દ્રની પેરે બંધનને પામે છે. એવી રીતે જેમની શીષ્ટ જનોને ઇષ્ટ એવી દૃષ્ટિ અને ચેષ્ટા પ્રણષ્ટ થઇ છે એવા ઇંદ્રિયોને પરવશ પડેલા પ્રાણીઓના અનેક દોષો બહુ રીતે બાધાકારી થાય છે. એકેક ઇંદ્રિયની વિષયાસક્તિથી રાગ દ્વેષાતુર થયેલા તે પ્રાણીઓ વિનાશને પામ્યા છે તો પાંચે ઇંદ્રિયોના વિષયોને પરવશ પડેલા મોકળા માનવીનું તો કહેવુંજ શું ? ૪૧–૪૭.

**વિવેચન**—કલ એટલે ગ્રામ રાગ સંબંધી રીતિથી યુક્ત (મનહર), અને શ્રોત્રને સુખદાયી સ્વરવાળા ગંધર્વના વાજિંત્ર તથા સ્ત્રીના ઝાંઝર પ્રમુખ વિભૂષણના ધ્વનિ વિગેરે મનોહર શબ્દોવડે શ્રોત્રેંદ્રિયના વિષયમાં જેનું હૃદય તલ્લીન થયું છે તે હરિણની પેરે વિનાશને પામે છે. એકજ શ્રોત્રેંદ્રિયના વિષયમાં નિમગ્ન થઇ ગયેલો હરિણ પ્રમાદવશ મરણ પામે છે; તેવીજ રીતે બીજો ગમે તે સ્વેચ્છાચારી દુર્દશાને પામે છે. ઠમકતી ચાલ ( વિકારવાળી ગતિ ), સ્નિગ્ધ દૃષ્ટિથી અવલોકન, સ્ત્રી સંબંધી મુખ, સાથળ પ્રમુખ અંગ–આકાર, વિલાસયુક્ત હાસ્ય અને સ્ત્રીનાં કટાક્ષબાણથી વિંધાયેલો જીવ, સ્ત્રી પ્રમુખનાં સુંદર રૂપમાં સ્વેચ્છા મુજબ ચક્ષુયુગલ સ્થાપી પરવશ બનેલો પતંગની પેરે પોતાના પ્રાણ ખુએ છે. જેમ પતંગ એક ચક્ષુ ઇંદ્રિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચના પ્રબળ વિકારને વશ થઇ દીપક (અગ્નિ)માં જંપલાઇ મરે છે તેમ અન્ય પ્રાણીઓ પણ પ્રમાદ આધીન બની પોતાના પ્રાણ ખુવે છે. કેટલાક સુગંધી દ્રવ્ય મેળવીને કરવામાં આવતું સ્નાન, ચન્દન કેશર પ્રમુખ દ્રવ્યવડે વિલેપનરૂપ અંગરાગ, અગરબત્તિ, કૃષ્ણાદિ વર્ણવાળા ધૂપ, માલતીના પુષ્પાદિકવડે અધિવાસ અને સુગન્ધિ દ્રવ્યનાં ચૂર્ણ એ સુગંધી વસ્તુવડે જેનું મન ભ્રમિત થયેલું છે તે ભ્રમરની પેરે એમાં મુંઝાઇને મરે છે. અત્યંત સ્વાદિષ્ટ, સર્વ દોષ રહિત વિવિધ ભોજન તથા સુરાદિક પાન, છાગ હરિણાદિકનાં માંસ, શાલી પ્રમુખ ઉત્તમ ધાન્ય તેમજ ખાંડ, સાકર પ્રમુખ મધુર રસ: એ સર્વ રસના ઇંદ્રિયના વિષયમાં ગૃદ્ધ–આસક્ત થયેલ જીવ જેમ મીન (મચ્છ) લોઢાના ગલયંત્ર અને જાલાદિકમાં બંધાઈ જઈ વિનાશ પામે છે તેમ પ્રમાદ પરવશ બની પોતાના પ્યારા પ્રાણને ખોઇ બેસે છે. શયન--સૂઇ રહેવાની પ્રમાણોપેત શય્યા, આસન–બેસવાને અનુકૂળ મૃદુ–સુકુમાળ પટ્ટાદિયુક્ત, સંબાધન–અંગમર્દન, સુરત–સુકુમાળ શરીરવાળી પ્રિયા સંબંધી ચુંબન આલિંગનાદિ, અને પૂર્વોક્ત સ્નાન તથા અનુલેપનમાં આસક્ત–વ્યસની જીવ, સ્ત્રી શય્યાદિ સંબંધી સ્પર્શયોગે મતિમૂઢ બન્યો સતો ગજેન્દ્રની પેરે પરવશતાના દુઃખને પામે છે. એવી રીતે શિષ્ટ (વિવેકી) જનને ઉચિત જ્ઞાન અને આચરણથી સદંતર બેનશીબ રહેલા તેમજ પાંચે ઇંદ્રિયોના વિષયોને પરાધીન થઈ પડેલા પામર પ્રાણીઓને આ લોક તેમજ પરલોક સંબંધી અનેક દોષો બહુ પેરે પીડાકારી થાય છે. ઉપર બતાવેલા દૃષ્ટાંતથી આ લોક સંબંધી પ્રત્યક્ષ દોષ જણાવ્યા; તેમજ પરલોકમાં નરક તિર્યંચાદિક નીચ ગતિમાં વારંવાર જન્મ મરણ કરવા સંબંધી દોષો પણ સમજી લેવા. સ્વચ્છંદપણે વિષય સુખમાં આસક્ત થઇ રહેનાર જીવને સંસારચક્રમાં અનેકવાર પરિવર્તન કરતાં અનેક પ્રકારના કડવા અનુભવ કરવા પડે છે. શબ્દાદિક એક એક વિષયના સંગવડે રાગદ્વેષને આધીન થવાથી વિહ્વળ બનેલા તે કુરંગ (હરિણ) આદિ પ્રાણીઓ અપથ્યને સેવનાર રોગીની પેરે વિનાશને પામે છે તો પછી જેણે પોતાના આત્માને શબ્દાદિક વિષયોમાં કશા નિયમવગર મોકળો મૂક્યો છે તેવા પાંચે ઇંદ્રિયોને વશ વર્તનાર પામર જીવનું તો કહેવુંજ શું ? જે અપ્રાપ્ત વિષયોની અભિલાષા રાખ્યા કરે છે અને પ્રાપ્ત વિષયોનો વિયોગ કોઇ રીતે ન થાય તેવી ઝંખના કર્યા કરે છે તે પામર પ્રાણીઓ પોતાના દહાડા સદા દુઃખમાંજ વીતાડે છે. ૪૧–૪૭.

'એવો કોઇ પણ શબ્દાદિ વિષય નથી કે જેનું વારંવાર સેવન કરતાં જીવને સર્વથા સંતોષ પ્રાપ્ત થઇ શકે એમ બતાવતા સતા કહે છે '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नहि सोऽस्तीन्द्रियविषयो येनाभ्यस्तेन नित्यतृषितानि ।
तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥ ४८ ॥
कश्चिच्छुभोऽपि विषयः परिणामवशात्पुनर्भवत्यशुभः ।
कश्चिदशुभो ऽपि भूत्वा कालेन पुनः शुभीभवति ॥४९॥
कारणवशेन यद्यत् प्रयोजनं जायते यथा यत्र ।
तेन तथा तं विषयं शुभमशुभं वा प्रकल्पयति ॥५०॥
अन्येषां यो विषयः स्वाभिप्रायेण भवति तुष्टिकरः ।
स्वमतिविकल्पाभिरतास्तमेव भूयो द्विषन्त्यन्ये ॥ ५१ ॥
तानेवार्थान्द्विषतस्तानेवार्थान्प्रलीयमानस्य ।
निश्चयतो ऽस्यानिष्टं न विद्यते किंचिदिष्टं वा ॥५२॥

**ભાવાર્થ**—એવો કોઇ ઇંદ્રિયનો વિષય નથી કે જેના ચિર પરિચયથી નિત્ય તરશી અને અનેક માર્ગે ધાવતી ઇંદ્રિયો તૃપ્તિને પામી શકે. કોઇ શુભ વિષય પણ પરિણામવશાત્ પાછો અશુભ થાય છે, અને કોઇ એક વિષય અશુભ છતાં પણ કાળાંતરે પાછો શુભ થાય છે. કારણવશે જેમ અને જ્યાં જે જે પ્રયોજન ઉત્પન્ન થાય છે તેવી રીતે ત્યાં તે વિષય શુભ અથવા અશુભ કહેવાય છે. અનેરાઓને જે વિષય પોતાના અભિપ્રાયથી તુષ્ટિકારી હોય છે તે વિષયનેજ સ્વમતિ તરંગમાં ઝીલતા બીજા બહુ ધિક્કારે છે. તેજ વિષયોને ધિક્કારનાર અને તેજ વિષયોને અત્યંત આદર આપનારને નિશ્ચયથી કંઇ પણ ઇષ્ટ કે અનિષ્ટ ( સંભવતું ) નથી. ૪૮–૫૨

**વિવેચન**—શબ્દાદિક પંચ વિષયપૈકી એવો કોઇ પણ વિષય નથી કે જેનું પુનઃ પુનઃ આસેવન કરવાવડે, શબ્દાદિક અનેક ભેદમાં આસકત થયેલી અને સદાય સંતોષ વગરની ઇંદ્રિયો તૃપ્તિ પામે. ' કેમકે તે ઇંદ્રિયો ઇષ્ટ વસ્તુને પણ અનિષ્ટ અને અનિષ્ટ વસ્તુને પણ ઇષ્ટ માને છે. એમ દર્શાવતા સતા કહે છે. ' વેણુ, વીણા, ગાયનાદિકનો ધ્વનિ રાગ પરિણામવશાત્ પ્રથમ ઇષ્ટ છતાં ભૂખ કે તૃષાથી પીડિત પ્રાણીને પાછળથી દ્વેષ પરિણામવશાત્ અનિષ્ટ થઇ પડે છે. તેજ અનિષ્ટ થઇ પડેલો વિષય પુનઃ કાળાન્તરે રાગ પરિણામથી ઇષ્ટ થઇ જાય છે. એવી રીતે ઇંદ્રિયોનો વિષય પ્રત્યે પ્રેમ અનવસ્થિત હોવાથી તે વિષયજનિત સુખ પણ અનિત્ય–કૃત્રિમજ છે. કોઇએક રાગ રસિક બની ગીતધ્વનિ ( ગાયન ) સાંભળવા માટે કાન દે છે, એવી રીતેજ અભીષ્ટ રૂપ આલોકવા ઇચ્છતો સતો ચક્ષુનો ઉપયોગ કરે છે અને પ્રયોજન વશાત્ શેષ ઇંદ્રિયોના વિષયોમાં પણ ઘ્રાણાદિકનો ઉપયોગ કરે છે. એમ ઉત્પન્ન થયેલા જુદાજુદા પ્રયોજનવડે તે તે શબ્દાદિક વિષયને ઇષ્ટપણે કે અનિષ્ટપણે રાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષવશાત્ કલ્પી લે છે. વિવક્ષિત પુરૂષથકી જે અન્ય તીવ્ર રાગી તેમને જે શબ્દાદિક વિષય સ્વમનઃપરિણામવશાત્ સંતોષદાયી થાય છે તેજ શબ્દાદિક વિષયને બીજા પુરૂષો પ્રબળ દ્વેષવશાત્ પોતાની મતિ કલ્પનાથી અનિષ્ટ માનીને ધિક્કારે છે.

એવી રીતે અસ્થિર–કૃત્રિમ પ્રેમવાળા વિષયો તત્ત્વથી પ્રિય પણ નથી, અને અપ્રિય પણ નથી એમ દર્શાવતા શાસ્ત્રકાર કહે છે.

તેજ શબ્દાદિક વિષયોને ધિક્કારતા અને તેમાંજ પુનઃ આસકત થતા જીવને પરમાર્થ બુદ્ધિથી જોતાં તે શબ્દાદિક વિષય કેવળ પ્રિય કે કેવળ અપ્રિય સંભવતા નથી. પરંતુ રાગ દ્વેષ પરિણામથી કેવળ કર્મ બંધજ થાય છે. ૪૮—૫૨

અપૂર્ણ.

# गृहस्थनां कर्तव्यो.

( અનુસંધાન ગત વર્ષના પૃષ્ટ ૩૪૬ થી. )

ત્યાર પછી સાધુ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકમાટે અઢારમું વાકય **कर्त्तव्यं योगपट्टदर्शनं**=યોગપટ્ટ એટલે મુનિ વ્યવહારનું દર્શન કરવું એ કહ્યું છે. મુનિ માર્ગની યોગ્યતા મેળવ્યા અગાઉ પ્રથમ મુનિ વ્યવહાર જોવાની જરૂર છે એ ખરેખરી વાત છે. મુનિરાજનો વ્યવહાર પ્રાતઃકાળથી આરંભીને રાત્રે શયન કરવા પર્યંત શું શું છે તે પ્રત્યક્ષ દૃષ્ટિએજ માત્ર જોવો એમ નહીં; પરંતુ શાસ્ત્રમાં તે વ્યવહાર કેવી રીતે બતાવવામાં આવ્યો છે, કાળાનુસાર તેમાં શું શું ફેરફાર થયેલ છે અને થયેલા ફેરફારમાં મૂળ માર્ગને–વિશુદ્ધ માર્ગને હાનિ કરે તેવી કોઇ પદ્ધતિ કે પ્રવૃત્તિ દાખલ થઇ ગઇ છે કે નહીં તે જોવાની જરૂર છે. કારણ કે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસારે મૂળ વસ્તુને–ચારિત્ર ધર્મને જાળવી રાખવાના પ્રશસ્ત હેતુને લઇનેજ કેટલાક ફેરફાર પૂર્વ પુરૂષોએ કરેલા છે કે જેની ખાસ આવશ્યકતાજ જણાય છે, તે પર ધ્યાન આપવું. મુનિ વ્યવહારમાં પ્રભાતે પ્રતિક્રમણ પડિલેહણાદિ કરવું, દેવવંદન ગુરૂવંદન કરવું, જ્ઞાનાભ્યાસ કરવો, યોગ્ય કાળે આહારપાણીનિમિત્તે ગુરૂમહારાજની આજ્ઞાનુસાર ગોચરી કરવી, દિવસના ભાગમાં પ્રમાદ ન સેવતાં કરેલા આહારને સફળ કરવા પાછો જ્ઞાનાભ્યાસ કરવો, ગુરૂ મહારાજપાસે વાંચના લેવી, પ્રાયે એક વખતજ આહાર વાપરવો, શરીરાદિ કારણે તેમ ન બની શકે તો પાછું બીજી વાર ગોચરી જવું અને દોષ રહિત આહાર લાવવો, યોગ્ય કાળે દેવસિક પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમણ કરી ગુરૂભક્તિમાં-તેમની વૈયાવચ્ચમાં અથવા સઝાય ધ્યાનમાં પ્રથમ પહોર વ્યતિત કરી બીજા ત્રીજા પ્રહરે નિદ્રા લેવી, પાછા ચોથા પ્રહરના પ્રારંભમાંજ જાગૃત થઇ ઉત્તમ વિચારો તથા નવકાર મહામંત્રના જાપ વિગેરેમાં પ્રવૃત્ત થઇ યોગ્ય કાળે પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી. ઇત્યાદિક સમગ્ર વ્યવહાર શ્રી આચારાંગ દશવૈકાળિકાદિ સિદ્ધાંતોમાં તેમજ યતિદિનચર્યા વિગેરે ગ્રંથોમાં બતાવવામાં આવેલ છે, તે શાસ્ત્રાનુસાર તેમજ પ્રવૃત્તિ ચાલતી હોય તદનુસાર બરાબર ધ્યાનપૂર્વક જોવો. ઉપરાંત ગ્રામાનુગ્રામ વિહાર, ભવ્ય જીવોને દેશના, કેશલુંચનાદિ વ્યવહાર પણ જોવો. આ પ્રમાણે પ્રેમપૂર્વક, આદરપૂર્વક તેમજ ગ્રહણ કરવાની ઇચ્છાપૂર્વક જોવામાં આવે તો તેમાં અનેક પ્રકારનું આત્મહિત સમાયેલું છે એમ તરતમાંજ સમજવામાં આવે, તેનાપર બહુમાન આવે અને તેમ થવાથી તેની યોગ્યતા પ્રાપ્ત થાય. ઉત્તમ શ્રાવકે આ પ્રમાણે યોગપટ્ટનું દર્શન કરવાની ખાસ આવશ્યકતા છે. અહીં યોગપટ્ટ દર્શનમાં મુનિ વ્યવહારશિવાય અથવા તદુપરાંત બીજું કાંઇ જોવાની હકીકત સમાવેલી હોય તો તે વિષયના વિશિષ્ટ જ્ઞાતાએ તે વાત સમજાવવા યોગ્ય પ્રયત્ન કરવો. અથવા અમને લખી મોકલવું એટલે અમે પણ તે હકીકત પ્રગટ કરશું.

ત્યાર પછી ઓગણીશમું વાક્ય એ કહેવામાં આવ્યું છે કે-**स्थापनीयं तद्रूपादि मानसे**=તેના સ્વરૂપ વિગેરેનું મનમાં ધ્યાન કરવું એટલે મુનિવ્યવહાર જે જોવામાં આવ્યો હોય તેના સ્વરૂપ વિગેરેનું એટલે તેના અંતિમ આશયનું મનમાં ધ્યાન કરવું. તેમાં લાભાલાભ શું છે? તે વિચારવા. તેની કર્ત્તવ્યતા કેટલે અંશે છે તેનો વિચાર કરવો. તે માર્ગની ઉત્કૃષ્ટતા હૃદયમાં વિચારવી. પોતાની યોગ્યતા તે સંબંધમાં કેટલી છે તેનો પણ વિચાર કરવો. એ માર્ગ સર્વજ્ઞોક્ત હોવાથી તેમાં પારાવાર રહસ્ય સમાયેલું છે એમ ચિંતવવું. ઉત્સર્ગ અપવાદાદિ ગુરૂ મુખે સમજી તેનો પણ વિચાર કરવો. આ પ્રમાણે તેના સ્વરૂપ વિગેરેનું અનેક પ્રકારે હૃદયમાં ધ્યાન કરવાથી તેનાપર બહુમાન આવે છે, એની કર્તવ્યતા ભાસે છે, શુભ ઇચ્છાની અભિવૃદ્ધિ થાય છે અને પોતામાં મુનિધર્મની યોગ્યતા પ્રગટ થાય છે; માટે અશુભ ધ્યાન તજી દઇને આ સંબંધનું શુભ ધ્યાનજ કરવું યોગ્ય છે.

ત્યાર પછી વીશમું વાક્ય **निरूपयितव्या धारणा** એ કહેલું છે. તેનો અર્થ ધારણા ધારવી અર્થાત્ નિશ્ચય કરી રાખવો એવો થાય છે. આ ત્રણે વાક્યો પરસ્પર સંબંધવાળા છે. મુનિવ્યવહારનું દર્શન કરવું, તેના સ્વરૂપાદિનું મનમાં ધ્યાન કરવું, અને ધારણા ધારવી અર્થાત્ મુનિવ્યવહાર યથાર્થ અવલોકીને, તેના સ્વરૂપાદિકનો મનમાં વિચાર કરીને પછી એવી ધારણા ધારી રાખવી કે જ્યારે કર્મ વીવર આપે ત્યારે-જ્યારે મુનિમાર્ગ પ્રતિપાલન કરવાની શક્તિ પ્રાપ્ત થાય ત્યારે પહેલી જોગવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇએ આત્મવીર્યને ગોપવ્યા વગર મુનિમાર્ગ અંગિકાર કરવા યોગ્ય છે. આવી ધારણા ધારી રાખી હોય તો આ ભવમાં કદિ ચારિત્રાવરણી (મોહનીય) કર્મ ઉદયમાં વર્ત્યાજ કરે તો છેવટ આગામી ભવે તેનો ક્ષયોપશમ થાય. એક બે ને ત્રણ ચોકડી વિપાક ઉદયમાંથી બંધ થાય એટલે સમ્યકત્વ ને દેશ વિરતિ ભાવ પામી સર્વવિરતિપણું પ્રાપ્ત થઇ શકે. અન્વયથી વિચાર કર્યા બાદ વ્યતિરેકથી વિચારવું કે જે મુનિવ્યવહાર જોતો નથી, તેના સ્વરૂપાદિકનું હૃદયમાં ચિંતવન કરતો નથી–તેના સ્વરૂપને હૃદયમાં સ્થાપન કરતો નથી, અને એક નિર્ણયવાળી ધારણા ધારતો નથી તે કોઇપણ કાળે મુનિમાર્ગ પ્રાપ્ત કરી શકતો નથી, તેની યોગ્યતા મેળવી શકતો નથી, તે તો સંસારમાં પર્યટનજ કર્યા કરે છે; કારણ કે મુનિમાર્ગ પ્રાપ્ત કરવાનો–તેની યોગ્યતા મેળવવાનો ક્રમજ આ છે. કાર્ય માત્ર ક્રમસર થાય છે. એકાએક ઉછાળો મારીને કોઇ કાર્ય થતું નથી. કદિ કોઈ કાર્ય કવચિત્ એકાએક અકસ્માત થઈ જાય છે તો તેની સ્થિતિ ક્રમજન્ય કાર્ય જેવી રહેતી નથી. માટે પૂર્વોકત ત્રણે વાકયોનું મનન કરીને તેને ગૃહસ્થના કર્ત્તવ્ય તરીકે સમજી તદનુસાર વર્તન કરવું કે જેથી સાધુધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય.

મુનિમાર્ગની યોગ્યતા પ્રાપ્ત કરવાને અંગે એકવીશમું વાકય **परिहर्तव्यो विक्षेपमार्गः**=વિક્ષેપવાળા માર્ગનો ત્યાગ કરવો એ કહેલું છે. જે માર્ગમાં કોઇ પણ પ્રકારનો વિક્ષેપ રહેલો હોય–કલેશ થાય તેમ હોય, જેમાં પરને આર્તધ્યાન થવાનું કારણ બને તેમ હોય, પોતાના આત્માને પણ શાંતિ મળે તેવું ન હોય–એવો માર્ગ વિવેકી પુરૂષોએ જો સાધુધર્મની યોગ્યતા મેળવવી હોય તો વર્જવો–તજી દેવો. આ પ્રમાણે જ્યારે ગૃહસ્થને માટે કહેવામાં આવ્યું છે ત્યારે પછી જેમણે મુનિમાર્ગ સ્વીકારેલો છે, જેઓ મુનિપણામાં વર્તે છે, જેઓ આ વાકયના રહસ્યને સારી રીતે સમજી શકે છે, અન્યને એજ સારાંશવાળો ઉપદેશ આપે છે, તેઓ પોતે વિક્ષેપ માર્ગથી દૂર રહે તેમાં તો આશ્ચર્યજ શું ? આશ્ચર્ય તો ત્યારેજ થવા યોગ્ય છે કે જ્યારે તેઓ વિક્ષેપમાર્ગથી દૂર રહેવાને બદલે વિક્ષેપમાર્ગમાંજ પ્રવેશ કરે, તેનો સ્વીકાર કરે, તેને ઉત્તેજન આપે અને અનેક સ્થાને નવા નવા વિક્ષેપો ઉત્પન્ન થાય તેવું કરે. આ કાળ જ્યારે પાશ્ચાત્ય પ્રજા તરફથી રેલ્વે, ટેલિગ્રાફ, ટેલીફોન, મોટોરકાર વિગેરે અનેક પ્રકારના પુદ્ગળિક કાર્યોવડે આશ્ચર્ય પમાડનારો થઇ પડેલો છે; દિનપરદિન નવા નવા પ્રયોગો, નવી નવી શોધો, નવા નવા બનાવો બહાર પડતા સાંભળીએ છીએ અને ચમત્કાર પામીએ છીએ ત્યારે આ પ્રકારનું આશ્ચર્ય થાય તેવા કાર્યો પણ બનતા દષ્ટિએ પડે છે. જેઓ વિક્ષેપમાર્ગથી દૂર રહેવાનો ઉપદેશ કરનારા છે તેઓજ તેમાં પડતા હોય તેવું જણાય છે. કદિ આપણી સમજ ફેરથી તે મહાત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનું સાધ્યબિંદુ આપણે સમજી શકતા ન હોઇએ તો જુદી વાત છે; પરંતુ જ્યારે પરિણામ સુંદર આવતું દેખતા નથી ત્યારે કયાં તો સાધ્ય ધારવામાં ભૂલ થઇ હોય અથવા પાછળથી સાધ્ય ફરી ગયું હોય એમ આપણી નજરે દેખાય છે. આ બાબતમાં આપણું કર્ત્તવ્ય તો આપણે વિક્ષેપમાર્ગમાં ન પડવું અને એવા ઉત્તમ મહાત્માઓને તેવા પ્રકારની વિનંતિ કરવી તેજ છે; કારણ કે આપણે તેમનો પૂરેપૂરો આશય સમજી ન શકીએ તે પણ સંભવિત છે. પ્રસ્તુત પ્રસંગ તો એટલોજ છે કે જો સાધુધર્મની યોગ્યતા મેળવવી હોય તો ગૃહસ્થે વિક્ષેપવાળા-ક્લેશવાળા માર્ગને તજી દેવો. પોતે વિક્ષેપ કરવો નહીં, કોઇને વિક્ષેપ કરાવવો નહીં, કોઇને વિક્ષેપ ઉત્પન્ન થાય તેવા સાધનો જોડી દેવા નહીં અને કોઇને અંદર અંદર વિક્ષેપ થતો જોઇને રાજી થવું નહીં. જ્યાં જ્યાં વિક્ષેપ થતો હોય કે થયેલો હોય ત્યાં ત્યાંથી તેને દૂર કરાવવા માટે બનતો પ્રયત્ન કરવો. તેમાં પોતાની સત્તાનો, પોતાની બુદ્ધિનો, પોતાના વીર્યનો ઉપયોગ કરવો. એમ કરવાથી સાધુધર્મની યોગ્યતા પ્રાપ્ત થશે.

ત્યાર પછી બાવીશમું વાક્ય **प्रयतितव्यं योगशुद्धौ**=યોગની શુદ્ધિમાં પ્રયત્ન કરવો એ કહેલું છે. યોગ ત્રણ છે. મનયોગ, વચનયોગ ને કાયયોગ. એ ત્રણ યોગ અશુદ્ધ પ્રવૃત્તિમાં પ્રવર્તતા હોય તો ત્યાંથી પાછા વાળી તેને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો. મન વિષય કષાયના વિચારમાં પ્રવર્તતું હોય, માઠા સંકલ્પ વિકલ્પ કરતું હોય, ઇંદ્રિયોના વિષયની તીવ્ર વાંચ્છના કરી રહ્યું હોય, કોઇનું અહિત ચિંતવતું હોય, માનહાનિનો પશ્ચાત્તાપ કરતું હોય, માયાભાવ કેળવતું હોય, તૃષ્ણામાં તણાતું હોય, આસક્તિમાં આગળ વધતું હોય, રાગ, દ્વેષ ને પુષ્ટ કરતું હોય, કોઇને કલંક આપવાના વિચાર કરતું હોય, ક્લેશની ઉદીરણા કરવા ધારતું હોય, ચાડી ખાવાનું ચિંતવતું હોય, સુખની અભિલાષા ને દુઃખપર દ્વેષ ધરવામાં તીવ્ર થતું હોય, સમુદ્રપર્યટન કરી અથવા અકાર્ય સંબંધી અનેક પ્રકારના પાપારંભો કરી તૃષ્ણાની ઝાળ બુઝાવવા ઇચ્છતું હોય, અથવા બીજા અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો કે જે આત્માને મલિન કરનારા-હાનિ પહોંચાડનારા હોય તે કરતું હોય તો તેને તેની અશુદ્ધિ કહેવામાં આવે છે. તેમાંથી તેને પાછું વાળી વિષયાસક્તિ ઘટાડવાનું ચિંતવન કરવું, સંસારની અનિત્યતા, જીવનું પરવશપણું, સંસારનું સ્વરૂપ, પુદ્ગળિક ભાવથી જુદાપણું, જીવની એકત્વતા અને પુદ્ગળનો અશુચિ સ્વભાવ ચિંતવવો, દરેક પાપસ્થાનકના વિચારો તજી દઇ તેનાથી વિરૂદ્ધ ઉત્તમ વિચારો કરવા, દરેક જીવનું હિત ચિંતવવું, કોઇને પણ સુખી કે ગુણી દેખી તેની ઇર્ષા ન કરતાં રાજી થવું, હૃદયમાં તેની પ્રશંસા કરવી, દુઃખી જીવોને જોઇને હૃદયમાં ખેદાવું, કોઇ મહાપાપી જીવ જોવામાં આવે કે જેનું નિવારણ અશક્ય જણાય તેના ઉપર પણ ખેદ ન કરતાં ઉપેક્ષા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ ધરાવવો, આત્મોન્નતિ કેમ થાય તેનો વિચાર કરવો, ગુરૂમહારાજ પાસેથી સાંભળેલી દેશનાનું મનન કરવું. આ બધા મનની શુદ્ધિના ઉપાયો છે, તેના ચિન્હો છે અને તેજ કરવા યોગ્ય છે.

વચન દ્વારા કોઇની ઉપર આક્રોશ કરવો, કોઇને અપશબ્દો કહેવા, અસત્ય ભાષણ કરવું, કોઇનું અહિત થાય તેવું બોલવું, કોઇને કલંક દેવું, કોઇની ચાડી ખાવી, કોઈની સાચી કે ખોટી નિંદા કરવી, કષાયોત્પાદક ભાષા વાપરવી, કોઈના મર્મમાં ઘાત થાય એવી વાકય રચના વાપરવી ઈત્યાદિ અનેક પ્રકારે વચન યોગ અશુદ્ધ થાય છે, મલિન થાય છે. તેની શુદ્ધિને માટે અલ્પભાષી થવું, મિતભાષી થવું, સત્યવકતા થવું, કોઇને પણ આનંદ થાય તેવુંજ બોલવું, કોઇને કલંક ન દેવું, કોઇની ચાડી ન ખાવી, પાપીની પણ નિંદા ન કરવી, જ્યાં હોય ત્યાંથી કલેશ નાશ પામે એવીજ વાકયરચના વાપરવી, સર્વ જીવોને શાંતિ કરે તેવી ભાષા બોલવી, દેવગુરૂની પ્રશંસા કરવી ઇત્યાદિ અનેક પ્રકારે વચન શુદ્ધિ થઇ શકે છે. માટે ઉત્તમ ગૃહસ્થે તે પ્રકારનો વચનશુદ્ધિમાટે પ્રયત્ન કરવો.

અપૂર્ણ.

# ब्रह्मचर्य प्रकाश

( લેખક-ખીમચંદ ભુધરદાસ. જૈનશાળા પરીક્ષક. )

કોઈ પણ કોમ, જ્ઞાતિ કે પ્રજાનો ઉદય કરવો હોય તો, તેને માટે માર્ગ અનેક છે, પણ ખરો ઉદયનો માર્ગ તેજ કહી શકાય કે જે આપણી અવનતિના મૂળ કારણો શોધી, તેનો નાશ કરવા ભણી લક્ષ રહે. સાંપ્રત કાળમાં જૈન પ્રજામાં–**બાળ લગ્ન** રૂપી ચેપી રોગ લાગુ પડ્યા છે. એ ભયંકર રોગથી જૈન કોમરૂપી સુંદર દેહ ક્ષીણ થતો જાય છે. નબળા બાંધાના, વીર્ય વિનાના અને શિથિલ ગાત્રવાળા શ્રાવક સંતાનો એજ કારણથી થવા પામેલ છે. જ્યાં સુધી એ રોગને દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી આપણો ઉદય સેંકડો ગાઉ દૂર સમજવો. બાળલગ્નરૂપી ભયંકર રાક્ષસના પંજામાં સપડાયેલા બાળકો ખરેખર મનોબળ વગરના અને નિરૂત્સાહી થાય છે. અનંત હૃદયબળ અને ઉત્તમ ભાવનાઓ આ ચેપી રોગથી નષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહો, જે બાળકો, દેશનો તો શું પણ જગતનો ઉધ્ધાર કરી શકે, તે આ ચેપી રોગથી ઘાયલ થયા છે. આજ કાલ પ્રજા ટુંક વિચારની, ટુંકા આયુષ્યવાળી, અને કદરૂપી, ઠીંગણી, તેમજ નિર્માલ્ય દેખાય છે તે ઉપરોકત દુર્ગુણનુંજ પરિણામ છે.

ચિંતામણિ જેવું બ્રહ્મચર્ય પાળવાથી જે પ્રજા લગભગ સો વર્ષ કરતાં પણ અધિક આયુષ્ય ભોગવે, તે આજે અનેક પ્રકારની માંદગી ભોગવી ટુંક સમયમાં આયુષ્યની પૂર્ણાહૂતિ કરે છે.

સારૂં મકાન બાંધવું હોય તો, પ્રથમ તેનો પાયો મજબુત કરવામાં આવે છે, તેમ જેમને પોતાના પરમ સુખ માટે આત્મિક શક્તિનો વિકાસ કરવો હોય, તેણે પ્રથમ દ્રઢ બ્રહ્મચર્યથી દેહને સબળ બનાવવું જોઇએ. કુદરતી નિયમ છે કે શારિરીક સંપત્તિવિના ધનસંપત્તિ નકામી છે.

અનાર્ય દેશમાં જ્યારે પુરૂષ અને સ્ત્રી, ૨૫ વર્ષસુધી બ્રહ્મચર્ય પાળે છે ત્યારે આર્ય દેશમાં ૧૪ વર્ષનો છોકરો પિતા ગણાય છે. શું આ સનાતન જૈન બંધુઓને શરમાવા જેવું નહિ ગણાય? ટુંકામાં જૈનપ્રજાએ આ કુધારો ગ્રહણ કરવાથી પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે.

બ્રહ્મચર્ય હાથીનું પગલું છે. હાથીના પગલાંમાં તમામ પગલાં સમાઇ જાય છે તેમ વિશુદ્ધ બ્રહ્મચર્યમાં તમામ ગુણો સમાઈ જાય છે, તેનાથી સમગ્ર ગુણો પ્રગટે છે.

ધર્મનો મર્મ નહિ જાણનાર અન્ય કોમ પણ આગળ વધતી જાય છે, ત્યારે સનાતન બંધુઓ ઘોર નિદ્રામાં સુતા છે. આપણામાં આશ્રમોનો પ્રતિબંધ નહિ હોવાથી લાચારીની ખાતર અન્યનો દાખલો લેવો પડે છે કારણકે દાખલા સિવાય હકીકત પર અજવાળું પડતું નથી.

હરદ્વારપાસે બાર કોસ છેટે જંગલમાં એક બ્રહ્મચર્ય આશ્રમ છે. ત્યાં ૨૫૦ બાળકો ૭ વર્ષથી માંડી ૨૫ વર્ષસુધી સ્ત્રી વિગેરેના પરિચયથી દૂર રહી, સંસારીની ખરાબ સોબતનો પરિચય નહિ હોવાથી સારી રીતે બ્રહ્મચર્ય પાળી, જંગલની પુષ્ટિકારક હવા અને કસરત લેવા સાથે સાદી ફેશનમાં રહી, અભ્યાસ, જીવન નિર્વાહ થાય તેવો અને કળા હુન્નરનો કરે છે. ( Practical-Advantage ) પ્રેકટીકલ એડવાન્ટેજ, એટલે ફાયદો ઉત્પન્ન થાય તેવી કેળવણી તે બાળકોને અપાય છે. નજરે જોનાર માણસ તેની તારીફ કરે છે કે, બ્રહ્મચર્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના મુખ ઝળકી ઉઠયા છે, જાણે રામના પુત્રો ન હોય, તેવું તેઓ ભાન કરાવે છે. આ બાબત કદિ તેઓ વધારે પડતું કહેતા હશે તોપણ આપણે તે દાખલો લઇ, જૈન વિધિ પ્રમાણે અને વિતરાગની આજ્ઞામુજબ બ્રહ્મચર્ય વધારે મુદત ટકે તેવું આશ્રમ ખોલવાની જરૂર છે. તો આપણો ઉદય જાપાનની માફક અલ્પકાળમાં થાય.

ઉપર પ્રમાણે જાલંદરમાં ૮૦૦ કન્યાઓ સ્ત્રીઓના વહીવટ નીચે ગૃહિણી ધર્મની કેળવણી ૧૮ વર્ષસુધી લે છે જ્યાં પુરૂષોનો પગ નથી.

નિમિત્ત વાસી આત્મા છે—એ સૂત્ર સોનેરી છે, તે જેવા સંયોગમાં રહે તેવો બને છે. ઝવેરીની દુકાને રહેવાવાળો ઝવેરી બને છે અને કુંભારની દુકાને રહેવાથી કુંભાર બને છે. સંસારની ઝેરી સોબતમાં રહી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું અતિ કઠણ છે. વધારે ન બને તો પુરૂષે ૨૨ વર્ષ અને સ્ત્રીએ ૧૬ વર્ષ તો અવશ્ય બ્રહ્મચર્ય પાળવું જોઇએ. આ ઠરાવ આખી કોમમાં અવશ્ય દાખલ કરવો જોઇએ.

હજાર પિતાને જ્ઞાન આપવું તે એક માતાને જ્ઞાન આપવાની બરાબર છે. સ્ત્રી શિક્ષકો સારા તૈયાર ન થાય ત્યાંસુધી સુધારો થવો કઠણ છે.

૧૪૪૪ ગ્રંથના કર્ત્તા શ્રીહરિભદ્રસૂરિજી, સહસ્ર અવધાની મુનિસુંદરસૂરિજી અને કળીકાળ સર્વજ્ઞ હેમાચાર્ય મહારાજને માતાના ગર્ભમાંથીજ બ્રહ્મચર્યનો વારસો મળ્યો હતો.

ઇટન જેવા મહા ગુરૂકુળમાંથી ફળરૂપે નીકળનાર નેપોલીયન બોનાપાર્ટ, કોલંબસ અને યંત્રશાસ્ત્ર તેમજ ફોનોગ્રાફની શોધ કરનાર એડીસનને માતાના ગર્ભમાંથીજ તેનો વારસો મળ્યો હતો. નેપોલીઅન ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતા લડાઈમાંજ હતી અને તેથી તેને તેવા સંસ્કાર પડ્યા હતા. અભિમન્યુ છ કોઠાનું યુદ્ધ માતાના પેટમાંજ શીખ્યો હતો તે વાત પણ મહાભારતમાં કહેવામાં આવે છે.

માતા ગર્ભ વખતે જેવા વિચાર સેવે તેવા બાળક ઉપર સોનેરી અક્ષરે કોતરાય છે. (કહેવાનું કે) તે કદાપિ ભુંસાતા નથી. ધવરાવતી વખતે, ખોળામાં રમાડતી વખતે અને જમતી વખતે જેવા વિચાર સેવે તેવા બાળકમાં ઉતરે છે.

સ્ત્રી સુધરી તો દેશ સુધર્યો. માતા જેવો બાળકોનો અન્ય ગુરૂ નથી. હાલની પ્રજામાં દૈવીક અને ગંભીર ગુણો નહિ પ્રગટતાં ઈર્ષા, મત્સર, અભિમાન અને કપટ વિગેરેનો અડ્ડો પેસતો જાય છે, તે બ્રહ્મચર્ય ગુણનો ખામીનેજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક કીર્ત્તિ જોવાવાળા અને ગાડરીયા પ્રવાહમાં તણાતા માતાપિતા પોતાના પરાધીન બાળકોને સંસારમાં ઝંપલાવતાં કાંઈ પણ આંચકો ખાતા નથી; છેવટમાં માતાપિતાઓ બ્રહ્મચર્યના ગુણ સમજી પોતાને અને બાળકોને સમજાવશે તેમજ કર્તવ્ય અકર્તવ્યની મતલબ વિચારશે ત્યારેજ બાળલગ્નની અધમ રૂઢીનો નાશ થશે. જૈન પ્રજાના उदय માટે આ એકજ બખ્તરની જરૂર છે. હજારો મહાન નરો આ અનુપમ ગુણથી પ્રખ્યાતિ પામી મોક્ષનગરે પહોંચ્યા છે.

વ્યવહારની તમામ કળા સુલભ છે, પણ આત્માના નિજ ગુણ–જ્ઞાન દર્શન ચારિત્ર મેળવવાની કળા બ્રહ્મચર્યથીજ સત્વર પ્રાપ્ત થાય તેમ છે. બ્રહ્મચર્ય મોક્ષ નગરનો રાજમાર્ગ છે. ઈત્યલમ્

# चालु परिस्थितिपर प्रकीर्ण विचारो.

આ કાળમાં જે કોમ પોતાની સાંસારિક, આર્થિક, નૈતિક અને ધાર્મિક સ્થિતિપર વિચાર કરતી નથી તે અલ્પ સમયમાં આગળ વધતી અટકી જઈને પાછળ પડી જાય છે અને છેવટે કદાચ તદ્દન નષ્ટ થઈ ન જાય તો નિષ્ફળ જીવન ધારણ કરી દેશના એક ઉંડા ખૂણામાં પડી રહે છે. આપણી જૈન કોમમાં હાલ એવો પ્રસંગ આવી પહોંચ્યો છે કે આપણી પરિસ્થિતિપર જો બરાબર વિચાર કરવામાં ન આવે તો ભયંકર ભૂલ કરેલી કહેવાય. સંખ્યામાં તેમજ આર્થિક પરિસ્થિતિમાં કોમ એટલી પછાત પડતી જાય છે કે હવે જવાબદાર માણસોએ મૌન ધારણ કરી જે બને તે જોયા કરવાની સ્થિતિનો ત્યાગ કરવાની અને એકદમ કાર્ય કરી પ્રગતિ કરવાની આવશ્યકતા છે. જેઓ કોમના ઇતિહાસપર દૃષ્ટિ રાખતા હશે તેઓના જોવામાં આવ્યું હશે કે સને ૧૮૯૧ ના વસ્તિપત્રકમાં શ્વેતાંબર, સ્થાનકવાસી અને દિગંબર સંપ્રદાયના જૈનોની સંખ્યા વીશ લાખ ઉપર હતી. તે સને ૧૯૦૧ માં ઘટીને ચૌદ લાખ ઉપર અને છેલ્લા ૧૯૧૧ના વસ્તીપત્રકમાં તેર લાખ ઉપર આવી છે. જે સમયમાં આખા હિંદુસ્તાનની વસ્તીમાં સાત ટકાનો વધારો થયો છે તે સમયમાં જૈન કોમમાં પાંતરીશ ટકાનો ઘટાડો થયો છે એ સ્થિતિ એકદમ વિચાર કરવા લાયક છે. આ ઘટાડો ગણતરીમાં ભૂલને લીધે થયેલો હોય એમ કેટલાકની માન્યતા રહે છે પણ મારા વિચારપ્રમાણે તો તે ઘટાડો બહુ અર્થસૂચક છે. વીશ વરસ ઉપર વસ્તીપત્રક બનાવનારને જૈન એવી જુદી સંજ્ઞા બતાવવાની લોકોની વૃત્તિ બહુ ઓછી હતી પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંતુ ત્યારપછી જે જાગૃતિ થઇ છે તેને પરિણામે ઘણુંખરૂં દરેક જૈન પોતાનું નામ જૈન તરીકે જાહેર કરે એ બનવા જોગ છે. એટલું તો ભાર મૂકીને કહી શકાય કે ૧૮૯૧માં જેટલાં માણસોએ જૈનને બદલે હીંદુમાં નામ લખાવ્યાં હશે તેના કરતાં ૧૯૧૧માં ઘણા ઓછા માણસોએ લખાવ્યા હશે. આથી કરીને વાસ્તવીક રીતે ઘટાડો પાંત્રીશ ટકાથી પણ વધારે ગણવો ઉચિત છે. ગમે તે દષ્ટિથી આ સવાલ સામું જોવામાં આવશે તો એટલું તો કબૂલ કરવામાં આવશે કે આપણે હવે એવી સ્થિતિએ પહોંચી ગયા છીએ કે કોમની દરેક બાબતપર બહુ દીર્ઘદષ્ટિથી વિચાર કરવો જોઇએ. કોમની હૈયાતીને માટે વિચાર કરવાની સંપૂર્ણ જરૂરીઆત છે. તેથી આ મથાળા નીચે પ્રસંગે પ્રસંગે કોમની પરિસ્થિતિપર દીર્ઘ વિચારને અંગે થયેલા નિર્ણયો જવાબદાર બંધુઓનો વિચારણા માટે મૂકવામાં આવશે. પ્રસંગે કાર્યરેખાનું દર્શન પણ થશે અને પ્રસંગે આજુબાજુના સંયોગોપર વિચારણા થશે. આખી કોમને અંગે જે સવાલ પ્રાપ્ત થાય તે પર ખાસ વિચાર કરવાની જરૂરીઆત બતાવવાની આવશ્યકતા રહેતીજ નથી.

આખી જૈન કોમને જો ખાસ વિચાર કરવાલાયક અગ્રિમ પદ ધરાવનાર વિષય હોય તો તે કોન્ફરન્સના અધિવેશનનો છે. આ વિષયની મહત્વતાને અંગે જરા વધારે વિસ્તારથી વિવેચન કરવામાં આવે તો તે યોગ્યજ ગણાશે.

કોન્ફરસને અંગે અત્યાર સુધીમાં સાત અધિવેશનો થયા છે. તેની મહત્વતા અને ગંભીરતાના પ્રમાણમાં તેણે કોમને મોટો લાભ કર્યો છે, પરંતુ આપણા બંધુઓ વણિક બુદ્ધિવાળા અને હિસાબ ગણવામાં ચતુર હોવાથી તે સર્વ લાભોને એકત્ર રીતે જોવા માગે છે. જેઓ કોન્ફરન્સના વધારે ગાઢા સંબંધમાં આવ્યા નથી અથવા તો તે હીલચાલનું વાર્ષિક કાર્ય–પરિણામ જોવા વાંચવા વિચારવાની અવકાશ અથવા ચિંતાવગરના છે તેઓ આવા મોટા ખરચે કરવામાં આવતા મેળાવડાઓનું જોઇએ તેટલું પરિણામ ઉત્પન્ન થયું નથી એવો વિચાર ધારણ કરી તે તરફ કાંઇક ઉપેક્ષા અને કાંઇક માંદ્ય રાખતા હોય એવું જણાય છે. આ સંબંધમાં જે ગેરસમજુતી થઈ છે તે દૂર કરવાની આવશ્યકતા પ્રથમ પદે પ્રાપ્ત થાય છે.

કોન્ફરન્સે જે મહાન લાભો કર્યા છે તે તેના છાપેલા રિપોર્ટોપરથી જણાઇ આવે છે. પરંતુ એ સંસ્થાથી જે મોટો લાભ થયો છે તે વિચાર વાતાવરણમાં મોટો ફેરફાર કરવાનો છે. દશ વરસ પહેલાં કોમની પ્રત્યેક વ્યકિત જે વિચારશકિત ધરાવતી હતી, સામાજિક તથા કોમિક સવાલોને અંગે જે વિચાર ધારણ કરતી હતી, તેમાં મહાન્ ફેરફાર થયો છે એ હકીકત સામાન્ય અવલો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કન કરનારની દૃષ્ટિમાં આવ્યા વગર રહે તેમ નથી. એકત્ર બળના સુઘટ્ટ સૂત્રરજ્જુથી બંધાયેલું સમૂહ બળ જે પરિવર્તન કરી શકે છે તે અત્ર તત્ર ઉપસ્થિત થતા લેખો ભાષણો કે વિચારો કદિ કરી શકતા નથી 'એ સર્વમાન્ય સૂત્રનું જેઓ નિરીક્ષણ કરી શકે છે તેઓ દશ વરસ પહેલાનું વ્યકિતબળ અને વચ્ચેના સમયનું સમૂહબળ કેવા ફેરફારો બતાવી શકયું છે તે જોઇ શકે છે. એક સામાન્ય હકીકત દૃષ્ટાંત તરીકે બતાવવાથી આ પરિવર્તનનો ખ્યાલ આવશે. સને ૧૯૦૩ માં જ્યારે કોન્ફરન્સનું દ્વિતીય અધિવેશન મુંબઇમાં થયું ત્યારે તેના જવાબદાર કાર્યવાહકોને એ ચિંતા થતી હતી કે ઇંગ્લિશ કેળવણી આપવાનો ઠરાવ કોન્ફરન્સમાં લાવવાથી લોકરૂચિને અનુકૂળતા રહેશે કે નહિ. ઉહાપોહને પરિણામે તે ઠરાવને લગભગ અંતિમ પદ આપવામાં આવ્યું હતું, છતાં મનમાં કેટલોક વસવસો રહી ગયો હતો. ત્યાર પછી લોકવિચારમાં એટલો મજબૂત ફેરફાર થઇ શકયો છે કે અત્યારે લગભગ સર્વ વ્યકિતઓ એ કેળવણીના વિષયને અગ્રિમપદ વગરશંકે આપે છે, અને કેટલાક તો અન્ય વિષયની ચર્ચા મૂકી દઈ એજ સવાલ માટે પરિપૂર્ણ શકિત ધન અને સમયનો ઉપયોગ કરવા આગ્રહ કરે છે. આ વિચારપરિવર્તન અસાધારણ કહી શકાય.

તદુપરાંત શિક્ષિત અને નિરક્ષર વ્યકિતઓમાં જૈનત્વનો અપૂર્વ ખ્યાલ કરાવવાનું વિચારબળ આવવામાં ઉપરોકત સંસ્થાએ મોટો ભાગ બજાવ્યો છે. આખા ભારતવર્ષસાથે સામાજિક સવાલોમાં ભાગ લેવા ઉપરાંત ધર્મ રક્ષા, કોમ અભિવૃદ્ધિ અને ખાસ સંસ્થાઓના રક્ષણ અને પ્રગતિમાટે લગભગ દરેક વિચારશીળ મનુષ્યો—જૈન બંધુઓ વિચાર કરતા શીખી ગયા છે. પશ્ચિમ તરફના વિચારોને સુંદર આકારમાં સજ્જ કરી, દેશ કાળને અનુકૂળ કરી મજબૂત કરવામાં વિચારશીળ મનુષ્યો કટિબદ્ધ થયા છે અને સખાવતોના સ્થાનમાં વર્તમાન સમયની જરૂરીઆત તરફ વિચાર કરવાની આવશ્યકતા અમુક અંશે સ્વીકારાઇ છે એ કોન્ફરન્સના અધિવેશનનું પરિણામ છે એમ વગરશંકાએ કબૂલ કરવું પડશે. આ સર્વ ફેરફારોનું મુખ્ય કારણ કોન્ફરન્સજ છે એમ કહેવાની ધૃષ્ટતા કરી શકાય નહિ પરંતુ સુરાજ્યસત્તાના શાંતિજનક કાળમાં લોકો વિશિષ્ટ જનોનું અનુકરણ કરવા અને તદ્દ્વારા સ્વોન્નતિ કરવા પ્રયત્ન કરે એ સ્વાભાવિક મનુષ્ય પ્રકૃતિને પરિણામે આખા દેશમાં પાશ્ચાત્ય આચાર વિચારનો જે મજબૂત પ્રવાહ ચાલે છે તેને અંગે થતું એ ચલન છે અને તે ચલનને કોન્ફરન્સે બહુ પ્રગતિ આપી છે. અત્ર જે હકીકત બતાવી છે તે બહુ વિચાર કરીને સમજવા યોગ્ય છે અને એને પરિણામે જો સ્વોન્નતિના માર્ગને અવકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવાની જરૂરીઆત સ્વીકારાતી હોય તો કોન્ફરન્સના કાર્યને મજબૂત બનાવવાની ખાસ વિચારણા કરવાની જરૂર છે.

તદુપરાંત કેળવણીના સંબંધમાં કોન્ફરન્સે અલ્પ સમયના પ્રમાણમાં બહુ કરી બતાવ્યું છે. તેના હસ્તકની લગભગ પચાશ હજાર રૂપિયાની એ ખાતાના રકમથી અનેક વ્યક્તિઓ ઉદ્યમે ચડી છે અને કેટલાક કુટુંબો પાયમાલીમાંથી બચી ગયા છે, યુનિવર્સિટીમાં જૈન સાહિત્યનો આદર થયો છે, જૈનકોમનું વ્યક્તિત્વ સ્વીકારાઇ જૈનપર્વોમાંથી કેટલાક જાહેર તહેવાર તરીકે દાખલ કરવાનો ઠરાવ સરકાર તથા બેન્કોએ કર્યો છે, અનેક પુસ્તકોની એક ગ્રંથાવલી તૈયાર કરવામાં આવી છે, મંદિરોના જિર્ણોદ્ધારમાં સારી સહાયતા આપી પુરાણા પ્રાચીન જૈન કીર્તિસ્તંભોને કાળના મુખમાંથી બચાવી લીધા છે, પશુવધ અટકાવવા સફળ પ્રયત્ન કર્યો છે, દશરા નિમિત્તે થતો વધ ઘણી જગોએ અટકયો છે, હરીફાઇની પરીક્ષાઓમાં નિબંધ લખી જીવરક્ષાનો ઝુંડો અન્ય માંસાહારી પ્રજામાં પણ ફેલાવ્યો છે, ધાર્મિક વિષયની સંસ્થાઓને મદદ કરી અભ્યાસવૃદ્ધિમાં સહાયતા અપાઇ છે, પુરૂષ તથા સ્ત્રી અને કન્યાઓની ધાર્મિક વિષયમાં પરીક્ષા લઇ પારિતોષકો આપવાની યોજના અમલમાં મૂકાઈ છે. સાંસારિક સવાલોને અંગે ઉપદેશકો મોકલી વિચાર પરિવર્તનને મદદ આપવામાં આવી છે, સમેતશિખરાદિ મહાન તીર્થોની પવિત્રતા જાળવી રાખવા પૂરતો પ્રયત્ન કરવામાં આવ્યો છે વિગેરે વિગેરે અનેક કાર્યો શરૂ થઇ ગયાં છે, પ્રગતિમાં મૂકાયા છે અને અનુભવ થતાં તેમાં જે ભૂલ થઇ હોય તે સુધારવાની ઉદ્યુક્તતા તેના કાર્યવાહકોએ બતાવી આપી છે. સામાન્ય લાભોની હારમાળા આપી વિષય લંબાવવાનું સ્થળસંકોચને લીધે બની શકે તેવું નથી, પરંતુ એક સંસ્થાના સંબંધમાં સાત આઠ વરસના ઇતિહાસના પ્રમાણમાં આટલું કાર્ય પણ બહુ કહી શકાય એ જેઓ અન્ય પાશ્ચાત્ય તથા પૌર્વાત્ય સંસ્થાઓના કાર્યક્રમને જોઇ વિચારી શકે છે તેમના અનુભવનો વિષય છે.

આપણે ફળની બાબતમાં જરા વધારે અધીરા છીએ એટલું તો કહેવું પડશે. કોમના ઇતિહાસમાં સાત આઠ કે દશ વરસ કાંઇ હિસાબમાં નથી. આવી મહાન્ સંસ્થાને સ્થિતિસ્થાપકતામાં લાવતાં અને તેના ધારાધોરણ આંતરનિયમ અને વ્યવસ્થાપૂર્વક કામ કરતાં આટલો સમય નીકળી જાય તોપણ કરેલો ધન અને સમયનો વ્યય વ્યાજબી ગણાય તો પછી બાલ્યકાળમાં જે સંસ્થાએ વ્યવહારૂરૂપ ધારણ કરી ઉપરોકત અને બીજા અનેક લાભ કરી આપ્યા છે અને તદુપરાંત વિચાર વાતાવરણમાં અતિ ગંભીર ફેરફાર કરી અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારના લાભો પ્રત્યક્ષ રીતે બતાવી આપ્યા છે તેના સંબંધમાં બહુ વિચાર કરવા યોગ્ય છે એમ કહેવાની જરૂર રહેતી નથી. તાત્પર્યાર્થ એ છે કે કોન્ફરન્સે પોતાનું અસ્તિત્વ વ્યાજબી ઠરાવવા માટે અત્યારસુધીમાં બહુ સુંદર પરિણામ બતાવી આપ્યું છે.

આની સાથે એટલું પણ જણાવવું જોઈએ કે મહાન્ સંસ્થાઓના બાલ્યકાળમાં કાર્ય પ્રનાલિકાને પ્રગતિ આપવા માટે વારંવાર ફેરફાર કરવાની જરૂર તો પડેજ, કેમકે જેનું બંધારણ ફેરફાર થઇ ન શકે તેવું બંધાઇ ગયું હોય તે સંસ્થા આગળ વધી શકતી નથી. સમયાનુકૂળ ફેરફાર થઈ શકે તેવું કોન્ફરન્સનું બંધારણ હોવાથી એ ભયથી તે મુક્ત છે અને અત્યારસુધીમાં તેના બંધારણમાં ફેરફાર થતો આવ્યો છે તેથી એ ભયમાટે તેના સંબંધમાં ચિંતા રાખવાનું કારણ નથી. વળી આટલા વરસના અનુભવ પછી એના બંધારણમાં મોટો ફેરફાર કરવાની આવશ્યકતા જણાય તો તેમ કરવામાં પણ કાંઇ અગવડ હોય એમ જણાતું નથી; બાકી એક સામાન્ય કહેવત છે કે કાળશીનું રંધાય તો તેમાં બાણા બે માણાનો બગાડ પણ થાય, પરંતુ સુજ્ઞ મનુષ્યોએ એ માણા બે માણાના બગાડ તરફ ધ્યાન આપી જમણ બંધ કરવા યોગ્ય નથી, પરંતુ ભવિષ્યમાં જરાપણ બગાડ ન થાય તે માટે ઉપાય યોજવાની જરૂર છે. એવી રીતે કોન્ફરન્સને અંગે કોઈની માન્યતા પ્રમાણે સહજ વધારે ખરચ થયો હોય અથવા તેના બંધારણમાં ખામી માલૂમ પડતી હોય તો તે વિચારથી કોન્ફરન્સને બંધ કરવાનો વિચાર કરવાને બદલે તે તે બાબતમાં કરવાયોગ્ય વિચારો કરી પદ્ધતિમાં ફેરફાર કરાવવા યત્ન કરવો એ ઉચિત છે.

કોન્ફરન્સના સંબંધમાં અત્યાર સુધીમાં જે મુખ્ય વાંધો લેવામાં આવ્યો છે તે એ છે કે તેના અધિવેશનમાં બહુ ખર્ચ થાય છે અને ખર્ચના પ્રમાણમાં તે સંસ્થાએ કોમને લાભ કરી આપ્યો નથી. ઉપરાંત કેટલાક બંધુઓ તરફથી એવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે કે કોન્ફરન્સમાં કેટલીક સામાન્ય વ્યક્તિઓને અગ્રિમપદ મળી જાય છે અને ધનવાનોના સ્થાપિત હકને આથી નુકશાન પહોંચે છે. કેટલાક કહેછે કે શુદ્ધ વર્તનવિનાના કેટલાક માણસો આગળ પડે છે કે જેથી કોન્ફરન્સની મહત્વતા ઓછી થાય છે. આ સવાલોના સંબંધમાં તથા કોન્ફરન્સના બંધારણમાં ક્યાં ક્યાં ફેરફાર કરવાની આવશ્યકતા અનુભવથી જણાઈ છે અને હાલ કોન્ફરન્સને જે વ્યાધિ લાગ્યો છે તેને દૂર કરવા કેવા પ્રકારનો પ્રયાસ કરવો યોગ્ય છે તે સંબંધી હવે પછી વિચાર કરશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાઇને બહાર પડેલ છે.

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૧ લો.

### સ્થંભ ૧ થી ૪. વ્યાખ્યાન ૬૧

આ ભાગ પ્રથમ બીજા જૈન બંધુ તરફથી અર્થ વિગેરેમાં ઘણીજ ભૂલોવાળો બહાર પડેલો, તે પણ હાલ બીલકુલ મળતો નથી. અમે તેનું શુદ્ધ ભાષાંતર કરાવી બરાબર સુધારીને બહાર પાડેલ છે, તેની અંદર બતાવેલા શાસ્ત્રાધારો તમામ અસલ સાથે દાખલ કરવામાં આવ્યા છે. આ પહેલા વિભાગમાં સમકિતના ૬૭ બોલ ઉપર તેમજ બીજી પણ તેને અનુસરતી પુષ્કળ કથાઓ છે. આઠ પ્રભાવકના દ્વાર ઉપર તેમજ બીજી પણ કેટલીક કથાઓ, તો બહુજ રસિક છે. સમકિતની શુદ્ધિના ઇચ્છકે આ ભાગ અવશ્ય વાંચવાલાયક છે. સામાન્ય બુદ્ધિવાળાને આ આખો ગ્રંથ પરમ ઉપકારી છે. આ ભાગની કિંમત રૂા. ૧-૮-૦ રાખવામાં આવી છે, પાકા અને સુંદર બાઈન્ડીંગથી બુક બંધાવવામાં આવી છે.

આ આખા ગ્રંથનું ભાષાંતર કુલ પાંચ વિભાગ કરીને અમારા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૩૬૧ વ્યાખ્યાન અને ૪૦૦ લગભગ કથાઓ છે. આખો ગ્રંથ મોક્ષાભિલાષી સરલ જીવોને ખાસ વાંચવાલાયક છે. બહુજ હિતકારક છે, પાંચે ભાગની જુદી જુદી કિંમત રૂા. ૮-૮-૦ થાય છે. પરંતુ પાંચે ભાગ એકઠા લેનાર માટે રૂા. ૭-૮-૦ રાખવામાં આવેલા છે. બહારગામવાળાએ પોસ્ટેજ જુદું સમજવાનું છે.

## અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર.

### આવૃત્તિ બીજી.

### વિવેચન યુક્ત.

આ બુકની પહેલી આવૃત્તિ ટુંકી મુદતમાં ખપી જવાથી તેની બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત પ્રથમ પ્રમાણે રૂ ૧-૪-૦ જ રાખવામાં આવી છે. પોસ્ટેજ બહાર ગામવાળાને ચાર આના વધારે લાગે છે. આ આવૃત્તિમાં કેટલોક સુધારો કરવામાં આવ્યો છે. કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ સોલીસીટરે આ વખત પણ એ બુક છપાવવામાં ઘણો પ્રયાસ કર્યો છે. ૭૮ ફારમની આ બુકની કિંમત બહુજ સ્વલ્પ રાખવામાં આવી છે. જૈન બંધુઓએ અને અન્ય વિદ્વાનોએ પણ પહેલી આવૃત્તિ વાંચીને એક સરખાં તેનાં વખાણ કરેલાં છે. આત્મહિત ઇચ્છક જનોને ખાસ વાંચવાલાયક છે ચિત્તવૃત્તિને સુધારનાર પરમ ઔષધ છે.

મળવાનાં ઠેકાણાં.

સુંબઇ. એન. એમ. ત્રીપાઠીની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ.

શા. મેઘજી હીરજી. પાયધુણી—મુંબઈ.

ભાવનગર. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મ્હેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના ઇનામ સમારંભનો જનરલ મેળાવડો.

જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયલી પરીક્ષાના ઇનામ આપવાનો મેળાવડો અત્રેના શેઠ પુરૂષોત્તમભાઈ ગૌતમના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યો હતો. પ્રમુખ સાહેબે સ્વહસ્તે ઇનામો વહેંચ્યા બાદ વક્તાઓએ પ્રસંગોપાત ભાષણો કર્યાં હતા અને પરીક્ષાની વિગતવાર હકીકત રજુ કરી હતી. છેવટે પ્રમુખ સાહેબે જણાવ્યું કે સમગ્ર હિન્દના જૈનધાર્મિક ઉમેદવારો માટે મુકરર થયેલી રૂા. ૪૬૮) ની ઇનામી રકમમાંથી જૈન કોમની આ સંસ્થા પહેલી અને સર્વોપરી પાઠશાળાના ૧૪ વિદ્યાર્થીઓએ રૂા. ૧૯૨) અને ૫ કન્યાઓએ રૂા. ૩૩) ઇનામના મેળવ્યા, તેમજ ૨૨ અભ્યાસકો પાંચે ધોરણની પરીક્ષામાં બેઠા અને સર્વેએ ઉત્તમ પરિણામ મેળવ્યું, એ સંસ્થાની પ્રતિદિન થતી અભિવૃદ્ધિ, નેતાઓની ખંત, અને સાધનો કરતાં અધિક સંતોષકારક કામ જણાવી આપે છે. ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ માટે આ સંસ્થાએ બહુ સારૂં કરી બતાવ્યું છે. ઉદાર શેઠ અમરચંદ તલકચંદ અને સુશ્રાવિકા બાઇ રતનબાઈની ઇનામી રકમની ઉદારતા માટે અને એજ્યુકેશન બોર્ડના પ્રયત્ન માટે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનવો ઘટે છે.

મ્હેસાણા અને તાંથગામના પધારેલા ગૃહસ્થો આ સંસ્થાના ઉત્તમ કામથી બહુ સંતોષ પામ્યા હતા; તેમજ શ્રી જૈન કેળવણી ખાતાએ આ સંસ્થાના ઉમેદવારોના શ્રેષ્ઠ પરિણામ માટે આ વર્ષે પણ ઇનામી રકમમાં સેંકડે ૨૦) ટકાનો વધારો કરી આપ્યો હતો. તા. ૧૯-૩-૧૨.

## ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિ.

ગયા વર્ષમાં પ્રેસની અગવડના કારણથી તેમજ તંત્રીની અવારનવાર ગેરહાજરી વધારે રહેવાથી માસિક નિયમિત બહાર પડી શક્યું નથી, તોપણ લેખ સારા આપીને બનતો સંતોષ આપવામાં આવ્યો છે. નવા વર્ષમાં પણ વિષય સંકલના શ્રેષ્ટ રાખવામાં આવી છે. આવા અમૂલ્ય લાભદાયક માસિકના ગ્રાહક કાયમ રહેવું, લવાજમ વગર મંગાવ્યે મોકલી આપવું અને નવા ગ્રાહકો કરી આપવા એ દરેક જૈનબંધુની ફરજ છે. જે ગ્રાહકોનું ચિત્ત લેખો વાંચીને સંતુષ્ટ થતું હોય તેમણે એકેક નવું ગ્રાહક કરી આપવા તસ્દી લેવી કે જેથી અમે કદનો વધારો કરી વધારે લાભ આપવા શક્તિવાન થઈએ. આ માસિકની નકલો ભેટ તરીકે ઘણી જવાથી અને પંચાંગમાં તેમજ ભેટમાં વધારે ખર્ચ થવાથી તેમજ કેટલાક ગ્રાહકો ચોપાનીયા રાખ્યા છતાં લવાજમનું વેલ્યુ૦ સ્વીકારવામાં અ-આડા કરતા હોવાથી ઉપજ ખર્ચના આંકડા સરખા થવા પણ મુશ્કેલ પડે છે, માટે સારી આશા રાખનારે સહાયક થવું યોગ્ય છે; તે સાથે ઉત્તમ જૈન લેખકોએ સારા લેખો લખી મોકલવા યોગ્ય છે કે જે જૈન વર્ગને ઉપકારક થઈ પડે. અમારી તેને માટે નમ્ર પ્રાર્થના છે.

તંત્રી.

For Private And Personal Use Only